Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિ: ૐ

# હરિભાવ

Year : 25 - Issue : 10

July, 2021

## ગુરુપૂર્ણિમા



મળેલાં જો છીએ નિજ જીવનનો
ખ્યાલ કરજો
મળેલાં જો છીએ સ્મરણ કરી કરી
દિલ જીવજો
મળેલાં જો છીએ અવરજનનું
સુખ પ્રીછજો
મળેલાં જો છીએ જીવન જીવવા
ટેક ધરજો
મળેલાં જો છીએ વિપદ દુઃખમાં
યાદ કરીને-
-હૃદેમાં મોટાને સ્મરણ કરીને
ઊંડું ભજજો
મળેલાં જો છીએ જીવન જીવવા
પ્રેમ ધરજો
મળેલાં જો છીએ રસબસ થવા
એક બનજો

- તમારા મોટાનાં વહાલ

*‘કેન્સરની સામે’, બી. આ., ટા., પેજ ૩*



## સદ્‌ગુરુ કર્મ ટાળવાનું કારણ છે

સત્પુરુષો તેમનાં લક્ષણોથી ઓળખાય. તેઓ ક્રોધ કે માનનો જે ઉપાય કહે તેનાથી ક્રોધ ને માન જાય. જ્યાં સુધી જ્ઞાનીની વાણી સાંભળી નથી, ત્યાં સુધી સૂત્રો પણ છાશબાકળા જેવાં લાગે.

સદ્‌ગુરુ મળે તો કર્મ ટળે. સદ્‌ગુરુ કર્મ ટાળવાનું કારણ છે. કર્મ બાંધવાનાં કારણો મળે તો કર્મ બંધાય અને કર્મ ટાળવાનાં કારણો મળે તો કર્મ ટળે. આત્મા અને સદ્‌ગુરુ એક જ સમજવા.

- શ્રીમદ્‌ રાજચંદ્ર

'શ્રીમદ્‌ રાજચંદ્ર-૩',પૃ. ૭૧૮-૭૧૯

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૫ અંક : ૧૦ જુલાઈ, ૨૦૨૧

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશચંદ્ર વોરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
**'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા**
**ડી-૫૦૧, પરીમલ એક્ઝોટીકા,**
**નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,**
**નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,**
**Mo. / SMS / Whatsapp - 9427554391**
**ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.**
**ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો**

ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
**યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭**
**બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
**IFS Code : UCBA0001687**
**બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.**
Email : hariwanitrust@gmail.com

હરિ:ૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org** ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦

* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : અંબિકા હરેશ પંડ્યા
ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

**અનુક્રમ**

૧. હું સર્વત્ર છું ................................ શ્રીમોટા ૪
૨. વૃત્તિઓ છેતરે છે .................... શ્રીમદ્ રાજચંદ્ર ૬
૩. કૃપા કાલ્પનિક હકીકત નથી ................ શ્રીમોટા ૭
૪. અંતિમ ઝાંખીની વિગતો ........ પ્રો. ઇંદુકુમાર દેસાઈ ૮
૫. ભગવદ્ગીતાનો સંદેશ - શ્રી અરવિંદ
દર્શનના પ્રકાશમાં ...................... કિરીટ ઠક્કર ૧૧
૬. જીવનનું હાર્દ ............................ શ્રીમોટા ૧૪
૭. વાતો કરવાથી ભક્તિ ના બને ..... શ્રીમદ્ રામજીબાપા ૧૫
૮. સદ્ગુરુનો ભાવ ક્યારે પરિણમે ? ............ શ્રીમોટા ૧૬
૯. હરિ:ૐ આશ્રમ સુરતનું નિવેદન ........... ટ્રસ્ટીમંડળ ૧૭
૧૦. જીવનની પૂર્ણતા .................. સ્વામી સદાશિવ ૧૯
૧૧. ભગવત્પ્રાપ્તિનું સુગમ તથા
શીઘ્ર સિદ્ધિદાયક સાધન .......... સ્વામી રામસુખદાસ ૨૧
................ અનુવાદક : રજનીભાઈ બર્માવાળા
૧૨. ચમત્કારનો અનુભવ થાય તો
મને યાદ કરે : શ્રીમોટા .......... પૂનમભાઈ કે. પટેલ ૨૩

## જ્ઞાનદાન / સહયોગ

**અનન્ય ભક્ત પરિવાર એવા પૂજ્ય શ્રીમોટાના વલ્લભવિદ્યાનગરનિવાસી 'આશીર્વાદ પરિવાર' તરફથી શ્રી દક્ષાબહેનના સ્મરણાર્થે આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે, તે બદલ અમો તેમના પ્રત્યે ખૂબ ખૂબ આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ.**

**- સંપાદક**

# (૧) હું સર્વત્ર છું

**શ્રીમોટા**

જ્યારે આત્માને આત્માનું સંપૂર્ણપણે ભાન થઈ જાય, એ ૧૪મી ભૂમિકા ગણાય. એક વખત માણસ એકાગ્ર-કેંદ્રિત થઈ ગયો પછી પહેલી એકાગ્રતાની ભૂમિકા - એને ટોચમાં ટોચ એકાગ્રતા થઈ જાય પછી કેંદ્રિતતામાં પ્રવેશે. પછી કેંદ્રિતતાની સંપૂર્ણ ટોચે પહોંચી જાય, પછી વિસ્તારની સ્થિતિ આવે. જેમ પહેલાં માણસ કમાય ત્યારે વાપરવાનું ઓછામાં ઓછું, કારણ કે મૂડી હોતી નથી. ત્યારે મૂડી કમાવવાનો પ્રયત્ન કરે, જેમ જેમ મૂડી થાય તેમ તેમ તે વાપરી નહિ શકે, મેળવ્યા કરે. મેળવ્યા કરવાની એને ધગશ - તમન્ના બહુ છે. એટલે જે કંઈ મળ્યું એ એને ખાવાપીવા વહેવાર પૂરતું વાપરવું પડે. તે પણ કરકસરથી વાપરશે અને વધારેમાં વધારે મૂડી મેળવશે. પછી જ્યારે સંપૂર્ણપણે ધરાઈ જાય, સૌ સૌની શક્તિ પ્રમાણે ધરાઈ જાય, પછી એનો ઉપયોગ કરે, વાપરે. તેવી રીતે આ જ્યારે આત્મા છે તે આત્માના પોતાપણાની, પોતાની શક્તિની, પોતાનાં અનંત પાસાંઓની, અનંત પાસાંઓમાં પોતાના અસ્તિત્વની એવી જ્યારે જ્ઞાનભક્તિપૂર્વકની સભાનતા ધરાવે છે, ત્યારે એ વિસ્તારને પામે છે. એ વિસ્તારને એ કેવી રીતે પામે છે ? કે એણે પહેલાં સમજી લીધું કે જ્યાં ત્યાં સર્વત્ર મારું અસ્તિત્વ છે. એ અંદર સમજ્યો તો ખરો, અંદર ને અંદર સમજ્યો, પણ બહાર જ્યારે બધે 'હું છું' બહાર મારું અસ્તિત્વ છે. જેમ માણસ સમજે છે કે કરોડ-બે કરોડની સંપત્તિ મારી પાસે છે, પણ જ્યારે એ વાપરે છે ત્યારે તેની મજા, તેનો આનંદ, તેની સભાનતા - જુદા પ્રકારની છે. 'પોતે આમ છીએ' એ વાત સાચી, પણ એ જ્યારે સત્તારૂપે વપરાય છે, ઉપયોગ થાય છે, ત્યારે એ વિસ્તારને પામે છે. રણછોડભાઈ શેઠને વિચાર આવ્યો કે આપણે મિલ કાઢીએ. પહેલાં તો વિચાર આવ્યો પછી એને રૂપ આપ્યું. સંચા આણ્યા. પછી એ શક્તિ સાકારરૂપે ઊભી થઈ પછી એ બધામાં વિસ્તાર પામી. વિસ્તાર પામી ત્યાંથી તૈયાર થઈ. જે બધું હતું તે પણ વિસ્તાર પામ્યું. બધાં લૂગડાં પહેરતાં થઈ ગયાં. એટલે એકાગ્ર અને કેંદ્રિત થયા. વિસ્તારદશા આવે છે એટલે જેમ આપણે ધરાઈ જઈએ એટલી સંપત્તિ થઈ પછી આપણે કેટલું ભેગું કરવાનું ? પછી એ વાપરવા માંડે. પછી વાપરવા માંડવાની સ્થિતિ વિસ્તરી ત્યારે જે પેલી ૧૪મી ભૂમિકામાં આત્માને પોતાની શક્તિની, પોતાના સર્વત્રપણાની, સર્વત્ર ઠેકાણે પોતાના અસ્તિત્વની-આ બધી સભાનતા થાય છે, પણ પોતાના અંદર ને અંદરમાં-બહાર નહિ. ખરી રીતે બહાર તો સમજવા પૂરતું જ બોલીએ છીએ, પણ એને તો અંદરબહાર બધું એક જ છે. એ શરીરધારી હોવાથી એ શરીરધારીને અનેક પ્રકારનાં નિમિત્તો છે. શરીર ન હોય તો એને કશું નથી, પણ શરીર છે અને શરીરની સાથે આત્મા અણુએ અણુ સંકળાયેલો છે. અણુએ અણુ પ્રાણ-એનર્જી છે.

એ આજે પણ આપણે સમજીએ. જ્યાં જ્યાં નિમિત્ત ત્યાં ત્યાં પોતે છે એની સભાનતા. અને એ સભાનતા પણ તે તે પ્રકારની પાછી, કારણ કે ચેતનનો ગુણધર્મ પાછો તાદાત્મ્ય છે. એ જેની સાથે ભળે તે પાછો તેવો જ થઈ જાય. ત્યારે એ જે ચેતન છે, બ્રહ્મનું લક્ષણ એ પોતે અંદરથી જાણેલું છે, પણ નિમિત્ત થતાં એ પોતે પ્રયોગાત્મક રીતે એને આમ થાય. એ તે તે નિમિત્ત સાથે તે રૂપ થઈ જાય છે. વળી પાછો નોખો રહે છે. તેથી પેલામાં ભળી જાય છે તેવું નથી. તદ્રૂપ થાય છે ખરો, પણ તેથી કરીને પેલાના ગુણધર્મ જાણી લે છે. એના સ્વભાવને જાણે છતાં એ બોલતો નથી. કંઈયે ના બોલે. કોઈ પૂછે તો એ કંઈ કહેતો નથી. બહાર તો બીજા કોઈને 'આ શું સમજતો હશે?' એવું લાગે. એના દીદાર ઉપરથી કોઈ એને કહી શકે નહિ કે આ આટલો બધો હોશિયાર હશે. બિલકુલ કહી ના શકે. ખરેખરો અનુભવી પુરુષ અંદરથી બરોબર સમજતો હોય છે. ત્યારે એણે ૧૩મી ભૂમિકામાં જે કંઈ અનુભવ્યું તે પ્રયોગાત્મક રીતે ૧૪મી ભૂમિકામાં વિસ્તારની દશામાં તે અનુભવે છે કે, 'હું સર્વત્ર છું. એક ઠેકાણે હોવા છતાં અનેક ઠેકાણે છું.'

અનેક ઠેકાણે કેવી રીતે હોય ? આપણે તો એક ઠેકાણે શરીરથી છીએ, પણ અનુભવીનું શરીર આકાશ તત્ત્વ છે. આકાશ તત્ત્વ સર્વત્ર વિકસેલું છે. એટલે જ્યાં જ્યાં નિમિત્ત ત્યાં ત્યાં એનું અસ્તિત્વ એ પોતે અનુભવે છે. બીજા કોઈને ખબર ના પડે. એ તો કહે, 'આ તો ગપ્પાં છે.' તો જેને જે કહેવું હોય તે કહેવા દો, પણ આ સાયન્સ (વિજ્ઞાન) છે. આધ્યાત્મિક વિજ્ઞાનનું વિજ્ઞાન છે. એકીપળે અનેક નિમિત્ત છે. તો એકેએક નિમિત્તમાં એ હાજર છે. આપણી બુદ્ધિથી વિચારીએ તો સમજાય ખરું કે આકાશ તત્ત્વ એનામાં વિકસેલું છે અને આકાશ તત્ત્વ એનામાં જામ્યું છે અને તેના લીધે એ જ્યાં ત્યાં જઈ શક્યો.

બીજાઓને તેનો પ્રયોગાત્મક રીતે અનુભવ ના હોય તો કદાચ સ્વીકારી ના શકે. એના ઉપર આ લોકો સ્ટ્રેસ (ભાર) આપતાં નથી. આમ પ્રયોગ કરો તો તમને કેમ સમજ ના પડે ? મારા જેવાને તો મારા ગુરુમહારાજ સદેહે હતા ત્યારે પણ મને એનો અનુભવ થયેલો. હું જ્યાં હતો ત્યાં મને બે અનુભવ થયેલા. પછી શરીર ના હોય ત્યાં પણ એની હાજરી અનુભવેલી. ત્યારે મને ખબર પડી કે આ તો છે, છે ને છે જ. ભલે શરીર ના હોય. તેથી તે કંઈ જતો રહ્યો છે તેમ નથી અને મને સદેહે જેવા હતા એવા સ્વરૂપે દર્શન દીધાં. એમને (આમ થવાનું કારણ એ કે) અનુભવ થયા પછીથી જ શરીર પરત્વેનું મમત્વ એને નથી હોતું. જેને દેહાધ્યાસ કહે છે એવી દેહાધ્યાસની મડાગાંઠ પેલામાં નથી. જ્યારે આપણી સર્વ પ્રવૃત્તિ કહો - આપણા વિચારમાં જીવદશામાં તો એ શરીરને માટે જ થાય છે. વેપાર-ઉદ્યોગ પણ શરીરને માટે જ - બીજા કશાયને માટે નહિ. બહુ બહુ તો શરીરને માટે એટલે શરીરના લાલનપાલન માટે થાય છે.

'જન્મ પુનર્જન્મ', ત્રીજી આ., પૃ. ૭૧-૭૪ ❑

## (૨) વૃત્તિઓ છેતરે છે

**શ્રીમદ્ રાજચંદ્ર**

વૃત્તિઓ બે પ્રકારની છે. એક બાહ્ય અને બીજી અંતર. બાહ્યવૃત્તિ એટલે આત્માથી બહાર વર્તવું તે. જ્યારે આત્માની અંદર પરિણમવું, તેમાં શમાવું તે અંતરવૃત્તિ. પદાર્થનું તુચ્છપણું ભાસ્યમાન થયું હોય તો અંતરવૃત્તિ રહે. જેમ અલ્પ કિંમતનો એવો જે માટીનો ઘડો તે ફૂટી ગયો અને પછી તેનો ત્યાગ કરતાં આત્માની વૃત્તિ ક્ષોભ પામતી નથી, કારણ કે તેમાં તુચ્છપણું સમજાયું છે. આવી રીતે જ્ઞાનીને જગતના સર્વ પદાર્થ તુચ્છ ભાસ્યમાન છે. જ્ઞાનીને એક રૂપિયાથી માંડી સુવર્ણ ઇત્યાદિક પદાર્થમાં સાવ માટીપણું જ ભાસે છે. એટલે જો વૃત્તિ પદાર્થોમાં ક્ષોભ પામે તો તરત ખેંચી લઈ તેવી બાહ્યવૃત્તિ ક્ષય કરવી.

અગિયારમા ગુણસ્થાનકેથી જીવ પડે છે તેનું કારણ એ કે વૃત્તિઓ પ્રથમ જાણે છે કે હમણાં આ શૂરાતનમાં છે એટલે આપણું હમણાં ચાલવાનું નથી. અને તેથી વૃત્તિઓ ચૂપ થઈ બધી દબાઈ રહે છે. ક્રોધ કડવો છે તેથી છેતરાશે નહિ. માનથી પણ છેતરાશે નહિ. તેમ માયાનું બળ ચાલે તેવું નથી, એમ વૃત્તિએ જાણ્યું કે તરત ત્યાં લોભ ઉદયમાન થાય છે. 'મારામાં કેવાં રિદ્ધિ, સિદ્ધિ અને ઐશ્વર્ય પ્રગટ થયાં !' એવી વૃત્તિ ત્યાં આગળ થતાં તેનો લોભ થવાથી જીવ ત્યાં પડે છે અને પહેલે ગુણસ્થાનકે આવે છે.

આ કારણથી વૃત્તિઓને ઉપશમ કરવા કરતાં ક્ષય કરવી, એટલે ફરીથી ઉદ્ભવે નહિ. જ્યારે જ્ઞાની પુરુષ કહે કે આ પદાર્થ ત્યાગી દે, ત્યારે વૃત્તિ ભૂલવે છે કે ઠીક છે, હું બે દિવસ પછી ત્યાગીશ. આવા ભુલાવામાં પડે છે. એટલે વૃત્તિ જાણે છે કે આ ઠીક થયું. અણીનો ચૂક્યો સો વરસ જીવે. એટલામાં શિથિલપણાનાં કારણો મળે કે આ ત્યાગવાથી રોગનાં કારણો થશે, માટે 'હમણાં નહિ પણ આગળ ત્યાગીશ.' આ રીતે વૃત્તિઓ છેતરે છે.

આ પ્રકારે અનાદિકાળથી જીવ છેતરાય છે. કોઈનો વીસ વર્ષનો પુત્ર મરી ગયો હોય, તે વખતે તે જીવને એવી કડવાશ લાગે છે કે આ સંસાર ખોટો છે, પણ બીજે જ દિવસે એ વિચાર બાહ્યવૃત્ત વિસ્મરણ કરાવે છે કે અવસાન પામેલાનો છોકરો કાલ સવારે મોટો થશે. એમ થતું જ આવ્યું છે 'શું કરીએ ?' આમ થાય છે. પણ એમ નથી થતું કે જેમ તે પુત્ર મરી ગયો તેમ હું પણ મરી જઈશ. માટે સમજીને વૈરાગ્ય પામી ચાલ્યો જાઉં તો સારું. આમ વૃત્તિ થતી નથી. ત્યાં વૃત્તિ છેતરે છે.

કોઈ અભિમાની જીવ એમ માનીને બેસે કે 'હું પંડિત છું, શાસ્ત્રવેત્તા છું, ડાહ્યો છું, લોક મને ગુણવાન કહે છે.' પણ તેને જ્યારે તુચ્છ પદાર્થનો સંયોગ થાય છે ત્યારે તરત જ એની વૃત્તિ ખેંચાય છે. જ્ઞાની આવા જીવને કહે છે કે તું વિચાર તો કર કે તુચ્છ પદાર્થની કિંમત કરતાં તારી કિંમત તુચ્છ છે. એક પાઈની ચાર બીડી મળતી હોય તો પા પાઈની એક બીડી થઈ. તેવી બીડીનું જો તને વ્યસન હોય તો અપૂર્વ જ્ઞાનીનાં વચનો સાંભળતો હોય તોપણ જો ત્યાં ક્યાંકથી બીડીનો ધુમાડો આવ્યો કે તારા આત્મામાંથી વૃત્તિનો ધુમાડો નીકળે છે અને જ્ઞાનીનાં વચનો ઉપરથી પ્રેમ જતો રહે છે. અને બીડી જેવા પદાર્થમાં તેની ક્રિયામાં વૃત્તિ ખેંચાવાથી વૃત્તિથી નિવૃત્ત થતો નથી. પા પાઈની બીડીથી જો આમ થઈ જાય છે તો વ્યસનીની કિંમત પણ તેથી તુચ્છ થઈ. અનાથદાસજીએ કહ્યું છે કે એક અજ્ઞાનીના કોટિ અભિપ્રાયો છે અને કોટિ જ્ઞાનીઓનો એક અભિપ્રાય છે.

'શ્રીમદ્ રાજચંદ્ર-૩', પૃ. ૬૮૮ ❑

## (૩) કૃપા કાલ્પનિક હકીકત નથી

શ્રીમોટા

જે કોઈ માર્ગે સાધક કે કોઈ પણ માણસ એ પોતાનું કર્મ કરતો હોય, તે કર્મમાં એ અણનમ રહેવો જોઈએ. તેજ - ફાસ્ટ - રહેવો જોઈએ. ગમે તેવી સ્થિતિ આવે ત્યારે નમી ના પડે. કોઈ પણ સ્થિતિ માટે આ લાગુ પડે છે કે એણે ટટાર રહેવું જોઈએ, મજબૂત રહેવું જોઈએ. હારી ગયેલો હોય, ખલાસ થઈ ગયેલો હોય, તોપણ મર્દાનગીથી માથું ઊંચું રાખીને ટટાર રહ્યા કરે કે આજે નહિ તો કાલે હું છતો થવાનો છું. બીજી રીતે મથીશ. ગમે તેમ કરીશ- ભલે હારી ગયો હોઉં, ભલે હું ખલાસ થઈ ગયો હોઉં, પણ હું પાછો ઊઠવાનો જ છું એવો જીવતોજાગતો આત્મવિશ્વાસ એના દિલમાં જાગે અને વિશ્વાસથી, ટટારીથી માથું ઊંચું રાખે, તો ફરી એવો માણસ જરૂર ઊભો થઈ શકે. પેલાના જેટલી માલમિલકત એને ન મળે એવું કદાચ બને, પણ ઊભો થઈ શકે. લાચાર થઈને પડી જાય તો ઊલટો મરી જવાનો છે. સંસારી લોક ઊલટો એને મારી નાખશે. એને હિંમત આપનાર તો કોઈક જ નીકળશે. પણ ઘણાખરા તો એની ઉપર તૂટી પડશે. 'લાવ મારા પૈસા, લાવ મારા પૈસા' અને બધા આપી દેતાં પેલો ખલાસ થઈ જાય. એની પાસે કંઈ ના રહે. પછી માણસ નમાલો થઈ જાય. ત્યારે ત્યાં શાસ્ત્ર આપણને કહે છે કે, તારું માથું અણનમ રાખ અને ટટારી, મર્દાનગી, હિંમત, સાહસ, ધીરજ આવે વખતે ખપનાં છે. આવી સ્થિતિ થઈ હોય અને આવું આપણે કરીએ ત્યારે કૃપા આપણી મદદે આવે છે. જો તમે છેક નમી પડેલા હોવ તો કૃપા મદદે નહિ આવે, કૃપા મર્દાનગીને ચાહે. સાહસ, હિંમત, ધીરજ, ધૈર્ય આવા જીવતાજાગતા ગુણો જે ધારણ કરે તેને કૃપા વરે છે. એટલે આવી છેક અધોગતિની સ્થિતિમાં પણ જે આવી ગયો છે, તેમ છતાં જે અણનમ રહ્યો છે, ટટાર રહ્યો છે, મર્દાનગી દાખવે છે. ધીરજ દાખવે છે, હિંમત દાખવે છે, સાહસ દાખવે છે, હિંમત, ખંત, ઉદ્યમ, ઉત્સાહ આ બધા ગુણો હજુ ટટારીથી બરોબર દાખવી રહ્યો છે, જેણે હજુ માથું નમાવી દીધું નથી, એવો માણસ હારતો હોય તેમ છતાં કૃપા તેને મદદ કરે છે. કૃપા એ માત્ર કાલ્પનિક હકીકત નથી. આપણે બધાં ભણેલાંગણેલાં કહીએ કે કૃપા એ માત્ર કાલ્પનિક હકીકત છે. હું પણ પહેલાં એમ માનતો હતો. હું જ્યારે ઈન્ટરમાં હતો ત્યારે આ કૃપાની વિરુદ્ધમાં મેં લખેલું કે આપણે જીવનમાં નવું કોઈ તત્ત્વ ઉત્પન્ન કરતાં નથી. ઊલટા આપણે માનેલાં ધોરણ પ્રમાણે ટ્રેડિશનલ (રૂઢિગત) ચાલ્યા કરીએ. એટલે આપણા જીવનનો ઉદ્ધાર થતો નથી. એવું બધું લખેલું હોં ! પણ ત્યાર પછી હું જાગ્યો. અભ્યાસ કરવા માંડ્યો. ત્યાર પછી ધીરે ધીરે એનું રહસ્ય સમજ્યો.

'જન્મ પુનર્જન્મ', ત્રીજી આ., પૃ. ૨૨-૨૩ ❑

# (૪) અંતિમ ઝાંખીની વિગતો

પ્રો. ઇંદુકુમાર દેસાઈ

## દેહત્યાગની પૂર્વે

૧૯મી જુલાઈએ પૂજ્યશ્રીએ આશ્રમનો લેટરહેડ માગ્યો અને શ્રી નંદુભાઈને બોલાવ્યા અને તેમની હાજરીમાં સવારે ૧૦-૩૦ વાગ્યે એક પત્ર લખ્યો અને એમના ચશ્માઘરમાં મૂક્યો. તા.૨૦-૨૧મીએ સવારે આશ્રમે આવનાર તમામને ૧૦-૧૦ મિનિટ મળવાની છૂટ અપાઈ. તા.૨૧મીએ સાંજે પૂજ્ય શ્રીમોટાએ નડિયાદ આશ્રમમાં પૈડાંખુરશીમાં પોતાને ફેરવવા માટે રાજુભાઈને કહ્યું, ફરતાં ફરતાં સૂચના આપી કે ‘આ નાહવાનું ટબ જેનું છે તેને તું પહોંચાડી દેજે.’ ત્યારે રાજુભાઈએ કહ્યું, ‘મોટા’ ! આપણે પાછા આવીએ ત્યારે જોઈશેને ?’ ત્યારે વાતને વાળી લેતાં પૂજ્યશ્રીએ જવાબ આપ્યો, ‘ત્યારે પાછું મંગાવી લઈશું.

તા.૨૨મી જુલાઈએ સમયપત્રક મુજબ ફાઝલપુર જવાનું હતું. વહેલી સવારના ૨-૨।। વાગ્યાથી પૂજ્ય શ્રીમોટાએ ડૉ. કાંતાબહેનને ઉઠાડવા માંડ્યા. પોતે ઉતાવળ કરાવીને તૈયાર થઈ ગયા અને બીજાં બધાંને ઉતાવળ કરાવીને પાંચ વાગ્યે નીકળ્યા. તે સમયે ધોધમાર વરસાદ વરસતો હતો. એટલે ચાર ખૂણે ચાર જણે તાડપત્રી ધરીને એમને ગાડીમાં બેસાડ્યા. સાથે શ્રી રામભાઈ અને શ્રી નંદુભાઈ હતા. રાજુભાઈ, ડૉ. કાંતાબહેનની ફિયાટ ગાડીમાં હતાં. ડૉ. કાંતાબહેનની ગાડી પાઈલટ કાર તરીકે આગળ જતી હતી. રોડ ઉપર જેવા ચડ્યા કે આશ્રમની તમામ લાઈટ બંધ થઈ ગઈ. ગ્રીડમાંથી સીધી લાઈન મળેલી હોવાથી આવું બંધ થઈ જવું શક્ય ન હતું. આથી, આશ્રમ વાસીઓને કશાંક અઘટિતનાં એંધાણ વર્તાયાં. મહાગુજરાત હૉસ્પિટલ આગળ અને કૉલેજ રોડ ઉપર પાણી હોવાને કારણે સંતરામ - વિઠ્ઠલ કન્યાવિદ્યાલયને રસ્તે જે ફાટક આવે છે, ત્યાંથી બહાર જતાં હાઈવે ઉપર નીકળ્યાં. કેટલીક જગ્યાએ ઘણાં પાણી હતાં. ડૉ. કાંતાબહેનની ફિયાટ ગાડી એ પાણીમાંથી કેવી રીતે હેમખેમ નીકળી તેનું આશ્ચર્ય હજી પણ ડૉ. કાંતાબહેન અનુભવે છે. રસ્તે કારમાં પૂજ્ય શ્રીમોટાએ દેહ છોડવા અંગે શ્રી રમણભાઈની સંમતિ તરત જ મેળવી લેવા શ્રી નંદુભાઈને કહ્યું. શ્રી રમણભાઈ તથા શ્રીમતી ધીરજબહેન સવારે ૬ વાગ્યે સ્વાગત માટે ફાઝલપુર હાજર હતાં. શ્રી નંદુભાઈએ શ્રી રમણભાઈને વાત કરી, ‘તમે રજા આપો તો પૂજ્યશ્રીને અહીં દેહ છોડવો છે. તમારી રજા ન હોય તો પછી સુરત આશ્રમે જઈ દેહ છોડશે.’ શ્રી રમણભાઈએ કહ્યું, ‘આ ઘર પૂજ્યશ્રીનું છે. એમની જેમ ઈચ્છા હોય તેમ કરે.’ તે વખતે શ્રી રમણભાઈને ખ્યાલ નહિ કે આજે જ દેહ છોડશે. હંમેશની માફક તે દિવસે પૂજ્યશ્રી બધાં સાથે જમવા બેઠા નહિ. ડૉ. કાંતાબહેન સૂરણ બાફીને લઈ આવ્યાં. તેમાંથી પૂજ્ય શ્રીમોટાએ માંડ એકાદ ફોડવું ખાધું હશે.

## દેહત્યાગ

આઠેક વાગ્યે પૂજ્યશ્રીએ પોતાના ગળાની

કંઠી અને કાંડાનું ઘડિયાળ શ્રી નંદુભાઈને આપીને નક્કી કરી દીધું કે આજે દેહ છોડવો છે. શ્રી નંદુભાઈએ રજૂઆત કરી, ‘આજે આવી વરસાદની હેલી છે તો ચિતા વગેરે સળગાવવામાં મુશ્કેલી પડશે. મહી નદીમાં પણ ભારે પૂર છે. બેત્રણ દિવસ રોકાઈ જાઓ તો ?’ પૂજ્યશ્રીએ મક્કમ અવાજે જવાબ આપ્યો, **‘અગ્નિસંસ્કાર કરવાનું ન ફાવે તો દેહને નદીમાં પધરાવી દેજો. મેં નક્કી કરી દીધું છે.’** ‘This is not a matter of discussion.’

૧૧ વાગ્યે એમણે બીજા ત્રણેક પત્રો લખ્યા. તેમાં એકમાં આ પ્રમાણે લખ્યું : **‘ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે, માણસ જેવા થઈ આપણા આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે.’** બીજા કાગળમાં એમણે **‘પોતાને મદદ કરનારાઓનો આભાર માની ‘ભગવાન તેમનું યશકલ્યાણ કરો.’** એવી પ્રાર્થના કરી છે. અને ત્રીજામાં પોતે જે પુસ્તકો લખેલાં તેની પાછળની પોતાની ભાવના અને પદ્ધતિને રજૂ કરી છે.’

તે દિવસે જ યોગાનુયોગે શ્રી રમણભાઈના એ ફાર્મના દરવાજા માટે આરસની તકતી ‘હરિસ્મૃતિ’ આવી અને તે દરવાજાના સ્તંભ ઉપર લગાડાઈ. ૩ વાગ્યે હંમેશાં આવતાં હતાં એ મુજબ શ્રી રમણભાઈના પરિવારનાં સભ્યો, બાળકો વગેરે પૂજ્યશ્રીને મળવા આવ્યાં. તે બધાંને પ્રેમથી મળ્યા તો ખરા પણ ઉતાવળ કરાવીને તેમને બધાંને વિદાય કરાવડાવ્યાં. ૪ વાગ્યે તેમણે પોતાને વરંડામાંથી અંદર ઓરડામાં લેવડાવ્યા. પછી શ્રી નંદુભાઈને એકલા બોલાવી સાતેક મિનિટ વાત કરી. તે વખતે શ્રી નંદુભાઈએ કોઈ આંતરિક સાહજિક પ્રેરણા દ્વારા પૂજ્ય શ્રીમોટાને કહ્યું, ‘હું તમારા પછી આશ્રમોમાં જ રહીશ અને આશ્રમો સંભાળીશ.’ પૂજ્યશ્રીએ આંખો દ્વારા સંતોષ પ્રગટ કર્યો. પૂજ્યશ્રીના દેહની હયાતી બાદ એકબે વર્ષમાં આ આશ્રમોનો સમગ્ર કારભાર વ્યવસ્થિત કરી લઈ કુંભકોણમ્ આશ્રમે કાયમ માટે રહેવા જતા રહેવું. આ વાતના સંદર્ભમાં પૂજ્યશ્રી સાથેના આખરી મિલનમાં એ ધન્ય પળે શ્રી નંદુભાઈનો નિર્ણય કેવી રીતે બદલાયો અને ઓચિંતો કેમ વ્યક્ત થયો એનો સભાન ખ્યાલ શ્રી નંદુભાઈને બિલકુલ ન આવ્યો. તદ્દન સાહજિક રીતે એ બની ગયું. એમાં પૂજ્યશ્રીની કોઈ અકળ લીલા કેમ ના હોય !

શ્રી નંદુભાઈએ વાત પૂરી કર્યા બાદ અન્ય પાંચેય જણને અંદર બોલાવ્યાં. પૂજ્યશ્રીએ સૂચના આપી, ‘તમારે અંદર બેસવું હોય તો અંદર બેસો, બહાર બેસવું હોય તો બહાર બેસો. હવે મને કોઈ બોલાવશો નહિ અને કોઈ અડશો નહિ. આ કૅથેટરને મારા શરીર ઉપરથી દૂર કરશો નહિ. એ મારી જીવનસંગિની છે.’ છએ જણે પૂજ્યશ્રીની રૂમમાં બેસવાનું પસંદ કર્યું. રૂમ બંધ કર્યો અને બધાંએ પોતપોતાની રીતે હરિઃૐના જપ શરૂ કર્યા. લગભગ ૧૨ વાગ્યે શ્રી નંદુભાઈને સહજ વિચાર સ્ફુરી ગયો કે શ્રીમોટા કદાચ ૧-૩૦ વાગ્યે પ્રાણ છોડશે, રાત્રે સાડા બાર વાગ્યે ડૉ. કાંતાબહેને પૂજ્ય શ્રીમોટાની નાડીના ધબકારા ગણ્યાં. ૩૦ થી ૩૫ હતા. ૧.૧૫

વાગે શ્રી રામભાઈએ સહેજ શરીરનું સ્પંદન થતું જોયું. ૧.૨૫ વાગ્યે દેહ છૂટી ગયો. શરીર ઉપર કોઈ ઉગ્ર ચિહ્ન વરતાયું નહિ. ભીષ્મ પિતામહના ઇચ્છામૃત્યુની વાત વાંચેલી પણ રોગોની બાણશય્યા ઉપર પોઢેલા પૂજ્ય શ્રીમોટાનો આ ઇચ્છામૃત્યુનો પ્રસંગ આપણી હયાતીમાં બન્યો, એ એક અનોખી ઘટના છે.

શ્રી રમણભાઈ અને ફાર્મ મૅનેજર સવારે ૪ વાગ્યે ચિતાની જગ્યા નક્કી કરી આવ્યા હતા. પાણીની સપાટી પાસે જગ્યા નક્કી કરી હતી.

## વસિયતનામું

શ્રી નંદુભાઈ પ્રેસ માટે સંદેશો વગેરે લખવામાં ગૂંથાયા. અંતિમ ક્રિયા કરવામાં પૂજ્યશ્રીના આદેશને માન આપવાનું હતું. તા.૧૯મીએ નડિયાદ આશ્રમે લખેલા પત્રમાં એ આદેશ હતો. તે એક વસિયતનામા જેવો છે અને લાક્ષણિક ઢબે લખાયેલો છે.

જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ -

હું ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે **મોટા** રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ. આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઇચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે. અને હવે લોકકલ્યાણના કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે, અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગાએ, મૃત્યુસ્થળથી તદ્દન નજીકમાં કરવો અને તે પણ આપ છ એ છ જણ : (૧) શ્રી નંદુભાઈ, (૨) શ્રી રમણભાઈ અમીન, (૩) શ્રીમતી ધીરજબહેન અમીન, (૪) શ્રી રામભાઈ, (૫) ડૉ. કાંતાબહેન અને (૬) શ્રી રાજુભાઈ પટેલ - લેખક) જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ; તેમ મારા સેવકોને હું ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.

મારા નામનું ઈંટચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

- ચુનીલાલ આશારામ ભગત ઉર્ફે **મોટા**

તા.૧૯-૭-૧૯૭૬

## અંતિમ વિધિ

મહી નદીના પશ્ચિમ કાંઠાની ભેખડ ઉપર જ શ્રી રમણભાઈનો બંગલો અને તેની આગળ બગીચો આવેલાં છે. ત્યાંથી ઊતરવાની એક કેડી હતી. કોઈક દિવ્ય સંકેતાનુસાર બેત્રણ મહિના પહેલાં જ ૧॥ ફૂટની એ સાંકડી કેડી ૩ ફૂટ પહોળી કરી. બે માણસ જોડાજોડ સહેલાઈથી જઈ શકે એવા રસ્તારૂપે શ્રી રમણભાઈએ બનાવરાવી હતી. એટલે ફાર્મ કંપાઉન્ડની બહાર ગયા વિના જ સીધા નદીતટે ઊતરી શકાય એવું હતું. મૃત્યુસ્થળની તદ્દન નજીક અગ્નિસંસ્કાર કરવાના પૂજ્યશ્રીના આદેશનું આ રીતે પાલન થયું. સૂવાના એલ્યુમિનિયમના, વજનમાં હલકા ખાટલામાં પૂજ્યશ્રીના દેહને નીચે લઈ જવામાં આવ્યો.

**(અનુસંધાન પેજ નં. ૨૬ ઉપર)**

## (૫) ભગવદ્‌ગીતાનો સંદેશ - શ્રી અરવિંદ દર્શનના પ્રકાશમાં

કિરીટ ઠક્કર

**ગતાંકથી ચાલુ..**

અને ગીતાનું પેલું મહત્ત્વનું કથન : દેહધારી પ્રાણી કર્મ કર્યા વગર રહી શકે જ નહિ એની સાચી સમજ આપણને પ્રાપ્ત થાય છે. શ્રી અરવિંદે કરેલી કર્મની વ્યાખ્યાથી. શ્રી અરવિંદ જણાવે છે : પરમાત્માની પરાશક્તિ-ચિતશક્તિની આવિર્ભાવ પામેલ જગતમાં પળેપળ થતી અભિવ્યક્તિ એ છે કર્મ. અને દેહધારી પ્રાણી પરમાત્માની શક્તિની અભિવ્યક્તિને રોકી શકે જ નહિ. શ્રી અરવિંદની મૌલિકતા, એમનાં લખાણોની તાત્ત્વિકતાનો આટલો પરિચય કેળવી લીધા પછી આપણે ગીતાના હાર્દમાં પ્રવેશ કરીશું.

ગીતાનો આરંભ થાય છે : અર્જુનવિષાદ યોગથી. આ સૂચક છે. વિષાદ પણ એક પ્રકારનો યોગ છે ! અર્જુન ભગવાનને કહે છે : 'હું યુદ્ધ નહિ કરું.' સગાંવહાલાંઓને મારી, કુળનાશક બનીને એ પાપ હું કરવા માગતો નથી. મારું એ પાપ મને નરકગામી બનાવે એટલે આ સંહાર હું કરવા માગતો નથી. શ્રી અરવિંદ આ પ્રશ્નની સંકુલતાને સમજાવતાં ખૂબ જ મહત્ત્વનો મુદ્દો રજૂ કરે છે. અર્જુનની સમસ્યા એ છે માનવજાતિની સમસ્યા. તેઓ લખી જણાવે છે : કોઈ પણ સમસ્યાનું મૂળ પરિસ્થિતિજન્ય નથી હોતું. સંજોગોજન્ય પણ નથી હોતું. માનવજાતિની બધી જ સમસ્યાઓનું મૂળ માનવચેતનામાં, માનવની મનોમયતામાં, એની મનોમય સમજમાં રહેલું હોય છે. અને એમ જ હોઈ માનવજાતિની સર્વ સમસ્યાનું સમાધાન માનવચેતનાના પરિવર્તનમાં, માનવની મનોમયતામાં બદલાવ લાવવાથી જ મળી શકે. પરિસ્થિતિનો, સંજોગોનો, કર્મોનો ત્યાગ કરવાથી, સંગ્રામમાંથી નાસી છૂટવાથી કોઈ સમસ્યાનું સમાધાન મળી શકે નહિ. ભગવાન અર્જુનને જે કહે છે કે 'તારે યુદ્ધ કરવાનું જ છે' તે સંદર્ભે શ્રી અરવિંદનું કથન છે : જીવન અને કર્મના બાહ્યત્યાગ દ્વારા મુક્તિ મેળવવાનો જે પ્રચલિત માર્ગ છે તેનાં કરતાં ગીતાનો દિવ્ય કર્મો કરવાની મુક્તિનો માર્ગ વધુ ઉન્નત છે, વધારે પૂર્ણતાવાળો છે. ગીતાનો ત્રિ-માર્ગ જીવનના કોયડાઓનો વધારે સારો ઉકેલ આપે છે. ગીતા ભારપૂર્વક જણાવે છે કે સ્થૂલ દૃષ્ટિએ કર્મમાંથી સંપૂર્ણપણે વિરત થઈ જવું અશક્ય હોવાથી દિવ્ય કર્મો કરવાની મુક્તિનો માર્ગ માનવોએ અપનાવવો જોઈએ. ગીતા એ સ્પષ્ટતા પણ કરે છે કે આત્મસાક્ષાત્કાર કરવા માટે જીવનના અને કર્મના બાહ્યત્યાગનો માર્ગ અપનાવવો જ પડે એ અનિવાર્ય નથી જ નથી. ગીતાના સંદેશનો સાર રજૂ કરતાં શ્રી અરવિંદે લખી જણાવ્યું છે : કર્મનું રહસ્ય એ જ જીવન સમગ્રનું રહસ્ય છે. જીવન એ પ્રકૃતિની બનાવેલી કેવળ જડયંત્ર જેવી રચના નથી. જીવન છે આત્માનો, ચેતન તત્ત્વનો સતત થતો આવિર્ભાવ. માનવમાં રહેલો ચૈત્ય આત્મા પરમાત્માનો જ સનાતન અંશ છે અને એ આત્માની શોધ કરવા માટે કર્મ છે, કર્મ

દ્વારા આત્મતત્ત્વની કૃતાર્થતા સિદ્ધ થઈ શકે છે.

આમ, કૃષ્ણ ભગવાન અર્જુનને જણાવે છે : દેહમાં રહીને તું આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી લે અને એને માટે તું ત્રિ-માર્ગ (કર્મ, જ્ઞાન અને ભક્તિયોગનો માર્ગ) અપનાવ. આ રહી એને માટેની પદ્ધતિ. યુદ્ધ તારે કરવાનું જ છે. કર્મ અનિવાર્ય છે. આપણું આ વિશ્વ, પૃથ્વી પરનો આ આવિર્ભાવ એ છે ઈશ્વરનો આવિર્ભાવ પરમાત્મા પોતે જગતરૂપ બન્યા હોઈ માનવે પોતાના જીવનમાં ઈશ્વરનાં ત્રણ પાસાંઓ - ક્ષર, અક્ષર અને પુરુષોત્તમનો તેમ જ પરમાત્માની પરાપ્રકૃતિ, વૈશ્વિક પ્રકૃતિ અને વ્યક્તિગત પ્રકૃતિનો ક્રમિક સાક્ષાત્કાર કરી ત્રણે વચ્ચે એકતા સિદ્ધ કરી ઈશ્વરનો આ જગતમાંનો હેતુ સિદ્ધ કરવાનો છે. ક્ષર, એ છે આપણું બાહ્ય સ્વરૂપ, આપણી પરિવર્તનશીલ અવસ્થા. અક્ષર, અંતરાત્મા એ છે ક્ષર સ્વરૂપનો આધાર અને ક્ષર તથા અક્ષર બંનેનો આધાર એ છે પુરુષોત્તમ. આમ, ઈશ્વર પોતે જ જગતરૂપ બન્યા છે એ સમજ પાકી કરી લઈને ગીતાના ત્રિ-માર્ગના સાધકે ઈશ્વરના મહત્તર સત્‌માં પોતાની મર્યાદિત (વ્યક્તિગત) સત્‌તાનો વિકાસ સિદ્ધ કરવા માટે જરૂરી એવી શ્રદ્ધા અને સંકલ્પ સેવવાં જોઈએ. ગીતા આદેશ કરે છે : તમારે માટે નિયત થયેલાં કર્મો તમે કરો. એ કર્મો તમને ઈશ્વર દ્વારા સોંપવામાં આવ્યાં છે, એ ભાવથી કરો. કર્મોમાં પસંદગીનું તત્ત્વ હોવું જોઈએ નહિ. કામનાઓનો સંપૂર્ણ ત્યાગ કરી અનાસક્ત ભાવે કર્મો કરવાનાં છે. તમારાં કર્મોનું ફળ સર્વના સ્વામી પ્રભુને અર્પણ કરી દો. તમારાં કર્મોનું ફળ ઈશ્વરને નક્કી કરવા દો. આ થયો કર્મયોગ.

આમ, કર્મયોગ ચાલુ રહે પછી સાધકને પોતાના અંતરમાં અનુભૂતિ થાય છે કે કર્તા પોતે નથી. કોઈ શક્તિ કર્મોની કર્તા છે. એમ થતાં કર્તૃત્વાભિમાન દૂર થાય છે. આમ થતાં આરંભ થાય છે જ્ઞાનયોગનો. પછી કર્મયોગ ચાલુ રહેતાં આગળ ઉપર એવો સમય આવશે જ્યારે સાધકને એ અનુભવ થશે કે જે શક્તિ એની અંદર કાર્ય કરી રહી છે, તે પોતાની અંગત શક્તિ નથી. એ છે વૈશ્વિક શક્તિ, જે બધાં જ કરણો મારફત કાર્ય કરતી હોય છે. એ શક્તિ જ કરણોની પસંદગી પણ કરતી હોય છે. આ અવસ્થાએ જ્ઞાનયોગ પરિપૂર્ણ થાય છે. જ્ઞાનયોગ પરિપૂર્ણ થયા બાદ પણ સાધકે અનાસક્ત કર્મયોગ ચાલુ રાખવાનો હોય છે. ગીતા વેદાંતનો ગ્રંથ હોવા છતાં 'જ્ઞાની માટે કર્મ જરૂરી નથી' એવા વેદાંતમતને ગીતા અનુસરતી નથી. અહીં ગીતા લોકસંગ્રહનો આદર્શ અપનાવે છે. આમ જ્ઞાની કર્મયોગ ચાલુ રાખે એટલે પછી જે વૈશ્વિક શક્તિ સાથે તેણે એકતા સિદ્ધ કરી હોય છે, તે વૈશ્વિક શક્તિ પોતાનું મૂળ સ્વરૂપ - જે પરાત્પરશક્તિ એનું મૂળ છે, એનો સ્રોત છે - તે પરાત્પર શક્તિનું સ્વરૂપ સાધકને પ્રત્યક્ષ થાય છે અને હકીકતમાં પરમાત્મા તેમ જ એમની પરાત્પર શક્તિનું અદ્વૈત હોવાથી પરમાત્માના મૂળ સ્વરૂપના સાધકને દર્શન થાય છે અને એ દર્શન પ્રાપ્ત થતાં જ સાધકનો વ્યક્તિગત સંકલ્પ પરમાત્માના સંકલ્પમાં ઓગળી જતો હોય છે.

'Let Thy will be done.' સાધકના હૃદયમાં પરમાત્મા પુરુષોત્તમ માટે પ્રેમની ભરતી ચઢે છે. સાધક પોતાનું સમગ્ર સ્વરૂપ પરમાત્માને સમર્પિત કરી દે છે. આ થયો ભક્તિયોગ.

ટૂંકમાં અનાસક્ત કર્મયોગની સુદીર્ઘ સાધનામાં શુદ્ધ થયેલો સાધકનો સંકલ્પ જ્ઞાનયોગમાં ઊર્ધ્વીકરણ પામી સાધકના પ્રકાશિત મનમાં તેમ જ એના સમર્પિત હૃદયમાં ભક્તિયોગ દ્વારા પ્રેમ અને આનંદના ઝરામાં પરિવર્તન પામે છે. એ ઝરામાં તરબોળ થઈ સાધક પ્રભુમય થઈ જાય છે અને આ અવસ્થાએ સાધક પરમં વચઃ નો અધિકારી બને છે. પછી ભગવાન અર્જુન સમક્ષ, સાધકનું સર્વોચ્ચ સ્વરૂપ એના ક્ષર સ્વરૂપને પરમ રહસ્ય સંભળાવે છે :

**મન્મના ભવ મદ્‌ભક્તો, મદ્યાજી માં નમસ્કુરુ**
**મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોઽસિ મે.**
**સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ**
**અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ**

હે અર્જુન મન્મય- મારામય મનવાળો તું થા. મારો ભક્ત, મારો પ્રેમી તું બન. મને યજ્ઞ કરનારો થા. મને તું નમસ્કાર કર. તું મને જ પ્રાપ્ત કરીશ એવું મારું તને વચન છે. સર્વ ધર્મનો પરિત્યાગ કરી મારા એકલાને શરણે તું આવ. હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરીશ. શોક ન કર.

શ્રી અરવિંદ જણાવે છે : શ્રીકૃષ્ણ અર્જુનને આ બે જ શ્લોક સંભળાવવા માગતા હતા. આ જ છે એમનો સંદેશ. પરંતુ વિષાદયુક્ત અર્જુનને એના મોહમાંથી, એના અજ્ઞાનમાંથી (હું યુદ્ધ નહિ કરું) કૃષ્ણ ભગવાનને આખી ગીતા અર્જુનને સંભળાવવી પડી.

અને છેલ્લે શ્રી અરવિંદ ઉમેરે છે : માનવીના પોતાના અંતરમાં જે સાક્ષાત્કાર સિદ્ધ થાય તે સાક્ષાત્કાર તથા માનવના બાહ્ય જીવન તેમ જ એનાં કર્મો વચ્ચે ક્રમિક એકત્વ સિદ્ધ માનવે કરતા રહેવું એ જ છે ગીતાનો સંદેશ. અને ખરેખર તો એ બે - આંતરિક સાક્ષાત્કાર તેમ જ બાહ્ય જીવન તથા કર્મ - એકબીજા વડે સમૃદ્ધ થતાં હોય છે. બંને એકબીજા વડે પાંગરતાં રહે છે.

અસ્તુ !

**ગયેલા આત્માને**

- **વડોદરાનિવાસી પૂ. શ્રીમોટાના ભક્ત શ્રી નંદકુમાર ડી. ચાવડાના મોટાભાઈ શ્રી પ્રમોદભાઈ ડી. ચાવડાનું (ઉ.વ. ૮૧) તા. ૧૬-૫-૨૦૨૧ના રોજ અવસાન થયેલ છે.**
- **હર્નિશભાઈ કાંતિભાઈ અમીન (ભગાભાઈ - જે. કે. પાન પાર્લર)નું તા. ૧૬-૬-૨૦૨૧ના રોજ નરોડા ખાતે અવસાન થયેલ છે.**
- **પૂ. શ્રીમોટાનો જન્મદિન ઉત્સવ ઊજવનાર શ્રી ભરતભાઈ ઈશ્વરભાઈ પટેલ (ઠાકુર)ના પરિવારજન શ્રી સોહનભાઈ જયંતીભાઈ પટેલ (બીન્ટુ) ઉ.વ. ૪૫નું તા. ૭-૬-૨૦૨૧ના રોજ નરોડા ખાતે અવસાન થયેલ છે.**

**ઉપરોક્ત સદ્‌ગતશ્રીઓનું સર્વપ્રકારે શ્રીહરિ યશકલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના. - સંપાદક**

## (૬) જીવનનું હાર્દ

**શ્રીમોટા**

ફૂલની સુવાસ કેટલીક ત્યાં ને ત્યાં રહે છે, પણ આપમેળે બધે પ્રસરે છે. તે પ્રસરતી હોવા છતાં મૂળમાં જે છે, તે ઓછી થતી હોતી નથી. મૂળમાં તો હોય છે, તેટલી ને તેટલી જ રહે છે, પણ પૂરેપૂરું ફૂલ જ્યારે ખીલે છે, ત્યારે એ સુવાસ મૂળમાં જે હોય છે તે આપમેળે બધે પ્રસરે છે. પણ એની લિમિટ - (મર્યાદા) હોય છે. એવી એ અનંત સુધી નહિ જાય. તેવી રીતે આપણામાં ભગવાનનો જે અંશ છે, આત્મા - એ પૂરેપૂરો જ્યારે ખુલ્લો થાય ત્યાર પછી એનો પ્રકાશ આપમેળે પ્રસરે છે. પણ એ પ્રસરવામાં પણ એની મર્યાદા છે. તો કહે, 'આત્માને વળી મર્યાદા કેવી ?' આત્માને મર્યાદા તો નથી. પણ શરીર હોવાથી એ શરીરને પ્રકૃતિ છે. અને પ્રકૃતિને કારણે એને મર્યાદા રહે છે. બાકી તો એને મર્યાદા નથી. અનંતમાં એ વિસ્તરી શકે છે. પ્રકૃતિ હોવા છતાં પણ જ્યાં જ્યાં નિમિત્ત છે, જ્યાં જ્યાં એને કામ છે, ત્યાં ત્યાં એ વિસ્તરતો રહે છે. આપણે પણ જીવદશામાં છીએ તો જીવદશામાં પણ જ્યાં જ્યાં આપણને કામ પડે છે, ત્યાં ત્યાં આપણે ચોંટીએ છીએ. ચોંટીએ છીએ એટલે આપણાં મતિ, મન, પ્રાણ વગેરે ત્યાં અગાડી લાગેલાં રહે છે. કામ હોય છે ત્યાં જ, તે સિવાય નહિ. તેવી રીતે જ્યારે આત્મા ખુલ્લો થાય છે, ત્યારે એ પણ જ્યાં જ્યાં એને સંબંધ છે, નિમિત્ત છે, કામ છે, ત્યાં અગાડી એ સ્પર્શે છે. બાકી, એ સ્પર્શતો નથી. એમ ને એમ કંઈ થતું નથી. જેમ આપણને પણ કંઈ એમ ને એમ આત્મા નહિ ખૂલે - એમ ને એમ ભગવાન તરફ આપણી આંખ ખુલ્લી નહિ થાય. એ તો એવી કોઈ ગૂઢતા માટે આપણે જ્યારે આકર્ષાઈએ અને ભગવાન તરફનું આપણું આકર્ષણ, આપણું એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌નું આકર્ષણ કંઈક સજીવન થાય ને એ આકર્ષણને કારણે આપણે કંઈ ને કંઈ, કોઈ ને કોઈ પ્રકારની સાધના, તપશ્ચર્યા, તપ આદિ કરીએ અને એ જ્યારે અમુક મર્યાદા સુધી જાય ત્યારે આપણી હૃદયની આંખ ખુલ્લી થાય. ત્યાર પછી એ આપણાથી પ્રિછાય છે. તેવી રીતે જેમ ફૂલ પૂરેપૂરું ખીલે છે, તે ખીલવામાં જે મહેનત છે, તે આપણને દેખાતી નથી. અને એ છોડવાને, પોતાનામાંથી એક ફૂલ વિકસે અને ફૂલ થાય, કળી થાય અને પછી વિકસે, એ બધી પ્રક્રિયામાં એ છોડવાને પણ મથામણ છે ખરી. એ મથામણ આપણે જોઈ શકતાં નથી, જાણી શકતાં નથી, અનુભવી શકતાં નથી, પણ 'બૉટનિસ્ટ' (વનસ્પતિશાસ્ત્રી) હોય તે સમજી શકે છે. જગદીશચંદ્ર બોઝે દુનિયામાં પહેલવહેલું સાબિત કરી બતાવ્યું કે છોડને પણ જીવન છે, એનામાં પણ લાગણીઓ છે. તેવી રીતે આપણે પણ આ જીવનની ગૂઢતાને સમજવાને, પ્રીછવાને, અનુભવવાને કાજે જીવનમાં ઊતરવું પડશે. આપણે અત્યારે જીવનની બહારની પ્રવૃત્તિમાં ઊતરીએ છીએ. જીવનની અંદર, જીવનની પ્રવૃત્તિમાં, જીવનમાં આપણે પ્રવેશતાં નથી. જીવનની બહાર, જીવનની બહારની પ્રવૃત્તિઓમાં આપણે પ્રવેશીએ છીએ. એટલે પછી જીવનનું હાર્દ આપણા હાથમાં આવતું નથી.

'અગ્રતા-એકાગ્રતા', પ્ર. આ., પૃ. ૧૩૭-૧૩૮ ❑

## (૭) વાતો કરવાથી ભક્તિ ના બને

**શ્રીમદ્ રામજીબાપા**

ભગવાનના ગુણ ગાઈને મન મરી ગયું છે. ભજન આપણે મનોભૂમિમાં રહીને કરીએ છીએ. આત્માની ભૂમિમાં આપણે ગયા નથી. **વાતો કરવાથી ભક્તિ ના બને.** સાંભળવું તેવું કરવું એ જ ખરું.

સત્સંગ-ભાગવત કથા તો પૃથ્વી ઉપર જેટલા જીવો છે તેમને ઉપયોગી છે. દેવો પણ મનુષ્યપણું માગીને પૃથ્વી ઉપર આવે છે અને સત્સંગના મેળાવડા વડે મૂળ વાત જે આત્માને પામવાની છે તે માટે તલસી રહ્યા છે. **અને તમારે આ માટે નવરાશ નથી.** આમાં બે વાતનું દુઃખ છે. જો જીવ સત્સંગમાં આવે અને પછી તે જે માટે આવે તેનું લક્ષ રહે તો જ સારું. અને તેમ ના રહે તો તે જીવને અને જે તે સત્પુરુષને એમ બંનેને દુઃખ જેવું રહે.

એકબીજાને સારું લગાડવા કંઈ કરવું તે ઠીક નથી. એ તો કપટ કહેવાય. ધંધામાં પણ કપટ અને ભગવાનની વાતમાં પણ કપટ - તે તો ન ચાલે. કોઈને સારું લગાડવા ન કરવું પણ જે સારું છે તે જ કરવું અને સારું તો ભગવાનના મહાપુરુષનું જે લક્ષ, વચન અને જીવન છે તે મુજબ વરતાય તો જ તે બરોબર કહેવાય.

મને તો આ બધાં હોય તોપણ કંઈ નહિ. એક વૃત્તિ એમ થાય છે કે દરેકમાં ભગવાન છે. જે જ્યાં જેમ હશે તેમ તેની ઈચ્છા મુજબ તેને બરોબર હશે. અને બીજી વૃત્તિ એમ કહે છે કે અરે રે ! ભગવાન આટલો ઢૂકડામાં ઢૂકડો છે. અને જીવો એ તરફ લક્ષ કરે કે રાખે તો તે ભગવાનમય જ થઈ જાય તેમ છે. તે માટે જ અવતાર હોય છે.

મને તો આ બધી ચીજોમાં જરા પણ સુખ દેખાતું નથી. અને દેખાતી ચીજોમાં સુખ છે પણ નહિ. હું તો ખરેખર કહું છું કે આ બધી ચીજો રિદ્ધિ-સિદ્ધિ જેને ગણતા હોય તેમાં એક રતિભાર પણ સુખ નથી તથા તે છે તો તેના ઉપર દ્વેષ પણ નથી. કોઈ કહે કે આમ હોય તો જ ઠીક તેમ પણ મને તો નથી. જ્યાં જઈએ ત્યાં સ્થળ સાથે આપણે શું ? આપણે તો હૃદયમાં જે છે તેની જ વાત જ્યાં હોઈએ ત્યાં સાંભળવાની છે. પછી બહારનાં સાધન-સગવડ વગેરેની તેમાં શી જરૂર છે ? આપણે ભગવાનના મેળાવ્યે મળીએ અને કોઈનું મન અતડું રહે તે ઠીક નહિ.

શ્રીકૃપાળુદેવે કહ્યું છે કે આદિ પુરુષ રમત માંડીને બેઠો છે. તે જ આ અનેકરૂપ થઈને ફરે છે. મૂળ સમુદ્ર છે. તે ભૂલ્યો છે અને તરંગરૂપ થઈને ફરે છે. આ મિથ્યાભાવ છે. તે આજે કે કરોડભવે જરૂર મૂકવા જ પડશે. સીતાજીએ રામનાં દર્શનથી તૃપ્તિ પામીને કહ્યું છે કે હવે મારે એ તરફથી બીજે ક્યાંય દૃષ્ટિ નથી જોવાની. ચિત્તને આ જ કરવાનું છે. એક અનેકરૂપે થયો છે. તે બધામાં એક ભગવાન કરવો તે બ્રહ્મભાવના.

માટી છે તેમાં શક્તિ છે પણ તેને બનાવનાર કુંભાર, ચાકડો, પાણી અને અગ્નિનો જોગ મલે તો થાય છે. આપણું હૃદય પાત્રતાવાળું નથી. તેથી, ભગવાનની વાત ટકતી નથી. આ સ્થૂળ કર્મ ભોગવવાનાં છે. સૂક્ષ્મમાં સતના ભાવો

**(અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)**

## (૮) સદ્ગુરુનો ભાવ ક્યારે પરિણમે ? શ્રીમોટા

ઉત્તમ પ્રકારની ભાવના હોવા છતાં જીવ કોટિનો જીવ અસલ ભાવનાને તેના મૂળ અસલના સ્વરૂપમાં રહેવા દઈ શકતો નથી. ભાવનાના અસલ સ્વરૂપની મૂળ ઉત્તમતા અને સઘનતા જીવ પોતે પોતાના વડે કરીને બીજા પ્રકારની કરી નાંખે છે, તેમાં પોતાનું સ્વરૂપ ને પ્રકૃતિ ભેળવીને. માટે આપણે તે બાબતમાં ખાસ જાગૃતિ રાખવાની છે. એક વેળા કોઈ ઉચ્ચાત્માનો અનુભવ તેની ચેતનની કક્ષામાં, અને જીવકક્ષાથી ઉપરની દશામાં પૂરેપૂરો ખાતરીપૂર્વકનો આપણને થયો હોય, જેના વિશે કશી કોઈ જાતની આપણને શંકા ન રહે, તો પછી એના તે પ્રકારના બીજા વહેવારમાં બીજું કશું આઘાપાછાપણું ના હોય, વળી, ઉત્તમ પ્રકારના સંતાત્માના ભાવમાં જ્યારે સામા જીવનો રાગ ભળે છે ત્યારે સામા જીવમાં પેલા ઉચ્ચાત્માના મૂળ અસલ સ્વરૂપની ભાવની જે ઉત્તમતાની અસર પ્રગટવી ઘટે તે પ્રગટી શકતી નથી, - અલબત્ત તે કાળ પૂરતી. માટે આપણે હૃદયના ભાવની ઉત્તમતા ને ઉત્કટતા વધાર્યા કરવી ને એ રીતે જો કેળવાયા કરીએ, તો અસલના મૂળ ભાવનું આપણામાં જરૂર અવતરણ કરી શકીએ,

સંતાત્મા અને જીવના શરૂ શરૂના સંપર્કમાં જીવસ્વભાવને ગડમથલો જરૂર થવાની, પરંતુ ત્યારે જીવે અનુમાન દોરવાને કે મત બાંધવાને એકદમ તૈયાર ન થવું. અનુભવથી મળેલી સમજણને વારંવાર જીવતી કરવી. હૃદયમાં હૃદયથી ભાવનાને વિશેષપણે જાગૃત કરવી. હૃદયનો ભાવ જો જાગૃત રહ્યા કરે તો જેમાં ને તેમાં તે જીવતો રહી શકે. ભાવ જાગતો જો ન રહી શક્યો તો સાધક તૂટી પણ પડે. તેને તો પછી જે તે બધું ભારે બોજા કે ભારરૂપ લાગે. એને તે વેળા કંટાળો, ત્રાસ, સંતાપ, અમૂંઝણ, અડચણ, અશાંતિ, ક્લેશ આદિ બધું જ લાગ્યા કરવાનું. તેથી જ્યારે એવું લાગે ત્યારે ત્યારે આપણે પોતે વધારે ઊંડા ઊતરી અંતર્મુખ બની પ્રભુની કૃપામદદ માટે પ્રાર્થના કર્યા કરવી. તેમ કરી કરી હૈયામાં પાછો ભાવ જાગ્રત કર્યા કરવો. ભાવ એ પરમ સાધન છે. ભાવ એ શક્તિનું મૂળ છે. એ જ જીવનનો સાચો સાથી છે. એનાં ઓથ કે હૂંફ અનુભવે જ સમજાય. ભાવ જો રહ્યા કર્યો તો સાધક જેની તેની ઉપર તરતો રહી શકવાનો. બાકી તો કોઈનું કંઈ કશું ગજું નથી. જેમાં તેમાં ભાવની તો ખાસ જરૂર રહેવાની જ. ભાવ વિના કશું જ ન બને.

'જીવનસોપાન', પૃ. ૧૧૦ અને ૧૮૧ ❑

**ગયેલા આત્માને..**

**પૂ. શ્રીમોટાનાં ચેન્નાઈ નિવાસી કિશોર અવસ્થાએ સ્વજન બનેલાં સદ્ગત શ્રી બાબુ સરકારનાં ધર્મપત્ની ચારુલતાબહેનનો તા. ૨૮-૫-૨૦૨૧ના રોજ ૮૩ વર્ષની વયે બૅંગ્લોર ખાતે દેહાંત થયેલ છે.**

**ઉપરોક્ત સદ્ગતશ્રીનું સર્વપ્રકારે શ્રીહરિ યશકલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના. - સંપાદક**

## (૯) હરિઃૐ આશ્રમ, સુરતનું નિવેદન

ટ્રસ્ટીમંડળ

*(પૂ. શ્રીમોટા હરિઃૐ આશ્રમ સુરતના ટ્રસ્ટીમંડળ તરફથી મળેલ પત્રોની વિગતો હરિભાવ જુલાઈ ૨૦૨૧માં પ્રકાશિત કરવા અનુરોધ કરાતા સૌ સ્વજનોની જાણકારી માટે અત્રે પ્રકાશિત કરાયા છે...સં.)*

(૧) ભારત સરકારે FCRA કાયદા અંતર્ગત ફોરેન ડોનેશન સ્વીકારતી તમામ સંસ્થાઓ માટે તા. ૧-૪-૨૦૨૧થી ડોનેશન જમા લેવા અંગે સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા, મુખ્ય બ્રાન્ચ, ન્યૂ દિલ્હીમાં ખાતું ખોલાવવાનો આદેશ આપેલ છે. સદર આદેશનું પાલન કરતાં હરિઃૐ આશ્રમ, સુરત તરફથી અલગ ખાતું ખોલાવવામાં આવેલ છે. પરદેશમાં રહેતા અને ડાયરેક્ટ આશ્રમ એકાઉન્ટમાં દાન જમા કરાવતા દાતાઓને વિનંતી કે - આશ્રમનો જૂનો એકાઉન્ટ Bank Of Baroda, Rander Br, Surat માં હતો તે હવે બંધ કરવામાં આવ્યો છે અને તા. ૧-૪-૨૦૨૧થી SBI, Main Br, New Delhi નો એકાઉન્ટ કાર્યરત છે. જેની નોંધ લઈ હવે પછી SBI એકાઉન્ટનો ઉપયોગ કરવાં નમ્ર વિનંતી છે.

Name of the account :
HARI OM ASHRAM
Account No. :
000040105416333
Nature of Account :
FCRA - Savings Bank Account
Bank : State Bank Of India,
New Delhi Main Br.
Address :
N. D. Main branch - 11, Parliament Street, New Delhi - 110001
Br. Code : 00691
IFSC Code : SBIN0000691
SWIFT Code : SBININBB
FCRA Registration Name & No. :
Hari Om Ashram 042100021

(૨) હરિઃૐ સુરત, સુરતના બંને BSNL લેન્ડલાઈન નંબરો 0261-2765564 અને 2771046 રદ કરાવવામાં આવ્યાં છે. તેને સ્થાને નવો મોબાઈલ નં. + 91 97277 33400 કાર્યરત છે. સૌ સ્વજનોને તેની જાણ કરવાં વિનંતી છે. સવિશેષ આ માહિતી મોટા બ્લોકમાં છાપશો તથા એક-બે અંક સુધી રિપિટ કરવા વિનંતી છે.

હરિઃૐ આશ્રમ સુરતનો એકમાત્ર ફોન નં. +91 97277 33400 છે તેમ જ Email : hariommota1@gmail.com છે.

હવે પછી સૌ સ્વજનોને હરિઃૐ આશ્રમ સુરતનો આશ્રમનો સંપર્ક કરવા માટે ઉપરોક્ત ફોન નં. તેમ જ ઈમેઈલનો ઉપયોગ કરવા નમ્ર વિનંતી છે.

(૩) ભારત સરકારના ઇન્કમટેક્ષ

વિભાગના અધિનિયમ અનુસાર તા. ૧-૪-૨૦૨૧થી ટ્રસ્ટમાં દાન આપનાર અને કલમ ૮૦(જી)૫ હેઠળ ઈન્કમટેક્ષ રિબેટનો લાભ લેવા ઈચ્છનાર દાતાઓ પાસેથી સંસ્થાઓએ દાન સ્વીકારતી વખતે દાતાનો PAN Card નં. લેવો અને નોંધમાં રાખવો ફરજિયાત છે. આ માહિતી તા. ૩૧મી માર્ચના રોજ પૂરા થતાં નાણાંકીય વર્ષાન્તે ટ્રસ્ટને જે જે દાતાઓ પાસેથી દાન મળેલ છે તે તે દાતાઓની વિગત અને દાતાઓના PAN Card No. સાથે ઈન્કમટેક્ષ પોર્ટલમાં online upload કરવી - રજૂ કરવી ફરજિયાત છે. જ્યારે દાતાઓ પોતાના ઈન્કમટેક્ષ રિટર્નમાં દાનની રકમ ઉપર ઈન્કમટેક્ષ રિબેટ ક્લેમ કરશે ત્યારે ઈન્કમટેક્ષ વિભાગના કોમ્પ્યુટર્સ દ્વારા બંને વિગતોની (ટ્રસ્ટની અને દાતાની) online ચકાસણી કરવામાં આવશે. અને બંને વિગત ટેલી થયેથી રિબેટ મંજૂર કરવામાં આવશે. (જે રીતે વ્યાજ કપાત - TDSનો ક્લેમ online મંજૂર થાય છે તે જ રીતે કલમ ૮૦(જી)૫ નો ક્લેમ પણ online મંજૂર થશે.) જો બંને વિગત ટેલી નહિ થાય તો દાતાનો ક્લેમ રિજેક્ટ કરી રિબેટ નામંજૂર કરવામાં આવશે. સરકાર તરફથી આ જવાબદારી દાન સ્વીકારનાર ટ્રસ્ટને સોંપવામાં આવી છે.

ઈન્કમટેક્ષ અધિનિયમનું પાલન કરતાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સલાહ મુજબ હરિઃૐ આશ્રમ સુરતમાં બે રસીદ બુકની પ્રથા રાખવામાં આવેલ છે. જે દાતાઓને કલમ ૮૦(જી)૫ હેઠળ ઈન્કમટેક્ષ રિબેટનો લાભ લેવો નથી તેમને ઈન્કમટેક્ષ હેતુ વિનાની પાકી રસીદ આપવામાં આવશે. આ રસીદ હેઠળ ઈન્કમટેક્ષ રિબેટનો લાભ મળશે નહિ. અને જે દાતાઓને કલમ ૮૦(જી)૫ હેઠળ ઈન્કમટેક્ષ રિબેટનો લાભ લેવો છે તેમને ઈન્કમટેક્ષ હેતુવાળી પાકી રસીદ આપવામાં આવશે. તેમણે અવશ્ય PAN Card No. રજૂ કરી ઈન્કમટેક્ષ હેતુવાળી પાકી રસીદ મેળવી લેવા વિનંતી છે. આ રસીદ હેઠળ ઈન્કમટેક્ષ રિબેટનો લાભ મળશે. આમ દાન આપતી વેળાએ અને રસીદ મેળવતી વેળાએ ચોકસાઈ રાખવાની જરૂરી છે. ઉપરોક્ત અધિનિયમ ભારતનાં તમામ ચેરિટેબલ ટ્રસ્ટોને લાગુ પડે છે.

ઉપરોક્ત માહિતી પ્રકાશન કરવા વિનંતી. આભાર. ❑

---

**(અનુસંધાન પેજ નં. ૧૬ નું ચાલુ)**

પડેલા હોય તો જીવન ભગવાનને આશરે રહે. આ રખડતી વૃત્તિનો મેળ મટ્યો છે. મીરાં કહે છે કે 'નથી સાવરીયે નથી પીયરીએ, અધવચ ઉંમર વીતાવી' રાગ કે કષાય બેય નથી. આ શાસ્ત્રો છે. તે જે પુરુષો થઈ ગયા એમના માટે નથી. આપણે ઘેર આવવા, રખડતી વૃત્તિને તૃપ્ત કરવા તે પોકાર પાડે છે. કૃપાળુદેવે કહેલ છે કે,

***'સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ,***
***પામે તે પરમાર્થને નિજપદનો લે લક્ષ.'***

'અમૃત સાગર ઝરણું-૧', પ્ર.આ.,પૃ. ૪૦૦ ❑

## (૧૦) જીવનની પૂર્ણતા

**સ્વામી સદાશિવ**

**બ્રહ્મ જિજ્ઞાસુઓ માટે મંત્ર એક વિજ્ઞાન છે.** કોઈ પણ વૈદિક મંત્રનો વિધિ સહિત, છંદબદ્ધ, યથોચિત ઉચ્ચારણ કરવામાં આવે તો સ્થૂળ શરીર અને સ્થૂળ શરીરમાં રહેલાં સૂક્ષ્મ તત્ત્વો પ્રાણ, મન, ચિત્ત, અહંકાર અને બુદ્ધિનું સંશોધન અને વિકસન કરીને જીવનને મધુર બનાવે છે, સર્વથા સુંદર અને સુખી બનાવે છે.

આપણા સ્થૂળ શરીરમાં વાત, પિત્ત અને કફના દોષોને કારણે ઘણી નાડીઓ રૂંધાયેલી હોય છે. તેના પરિણામે સંપૂર્ણ શરીરના સમગ્ર નાડીજાળમાં નખથી શિખા સુધી પ્રાણગતિ અબાધિત રૂપે સંચાલિત થઈ શકતી નથી. તેથી આપણી જ્ઞાન-ઇચ્છા ક્રિયાઓ બાધિત હોય છે એટલે કે પ્રત્યેક જ્ઞાન, પ્રત્યેક ઇચ્છા અને પ્રત્યેક કર્મમાં સફળતા મળતી નથી. **પ્રાણગતિ રૂંધાય છે, તેથી શરીરમાં રોગ આવે છે, મનની ગતિ પણ રૂંધાય છે એટલે કે મનમાં વિક્ષેપ થાય છે, અને વિક્ષેપને કારણે દુઃખ થાય છે.**

પ્રાણ અને મનને સાથે લઈને અહંકાર શરીરમાં ગતિ કરી શકે છે, પણ જ્યાં પ્રાણ અને મન એક જ શરીરમાં પણ બરોબર ગતિ કરી શકતા નથી તથા અહંકાર પણ શરીરાન્તરમાં ગતિ કરી શકતો નહિ હોવાથી આપણે કેવળ આ સ્થૂળ દેહ માત્ર પર અહંપણાનું અભિમાન ધરાવીએ છીએ અને મિથ્યા અહંમતાને વશ થઈ દુઃખી થયા કરીએ છીએ.

વૈદિક પરિપાટી મુજબ વેદ વિજ્ઞાન સંમત વિધિ વડે મંત્રોના સતત ઉચ્ચારણ કરતા રહીને ક્રિયા, ઇચ્છા, જ્ઞાન આ ત્રિવિધ શક્તિરૂપી સ્થૂળ, સૂક્ષ્મ, કારણ - એ ત્રિવિધ શરીરને સંશોધન અને વિકસન કરીને આ ચૌદ ભુવનમાં અબાધિતપણે ગતિ કરતા રહીને જીવનમાં પૂર્ણતા મેળવી શકાય છે અને પરિપૂર્ણ આનંદના અધિકારી બની શકાય છે.

જગતમાં કોઈ પૂર્ણ નથી. જીવનને પૂર્ણતામાં પરિણમિત કરવા માટે વિકાસવાદના નિયમ પ્રમાણે પ્રવૃત્તિ અનિવાર્યપણે જરૂરી છે. આવી પ્રવૃત્તિ બે ભેદથી થતી હોય છે. એક આંતરપ્રવૃત્તિ અને બીજી બહિર્પ્રવૃત્તિ. આંતરજીવન મુખ્ય છે. બહિર્ જીવન ગૌણ છે, કારણ કે જીવનનું જે વિકસન કે સંકોચન છે તે આંતરિક છે. એટલે જીવનવિકાસ માટે આંતરિક પ્રવૃત્તિ વિશેષ માત્રામાં કરવાની અપેક્ષા છે. બહિર્પ્રવૃત્તિ કેવળ જીવન માટે અનિવાર્ય ઉપભોગ સામગ્રીની પ્રાપ્તિ માટે જ છે, પરંતુ જ્યાં ઉપભોગ માત્રને મહત્ત્વ આપીને સામગ્રીની પ્રાપ્તિ અર્થે આપણામાં રહેલી સમગ્ર શક્તિને ખર્ચી નાખવામાં આવે છે, ત્યાં આપણો જીવનવિકાસ અટકી જાય છે, પૂર્ણતા તરફની આપણી ગતિ થંભી જાય છે, જીવન સંકુચિત બની જાય છે.

**જીવન ગતિમાન છે. જીવનની ઊર્ધ્વગતિ કે અધોગતિ માટે પ્રાણ આધાર છે. પ્રાણની ગતિ વિચાર અને ભાવના અનુરૂપ થાય છે. શરીરમાં વિચારોનું સ્થાન મસ્તક છે, ભાવનાનું સ્થાન હૃદય છે. આ વિચાર અને ભાવના પણ બે પ્રકારે છે. એક લૌકિક અને બીજી અલૌકિક.**

જે વિચાર અને ભાવના કેવળ લૌકિક ધ્યેય, અર્થાત્ કેવળ જીવનનિર્વાહ માટે હોય છે એને લૌકિક કહેવામાં આવે છે. જીવનને વિકાસ તરફ

કે પૂર્ણતા તરફ ગતિ કરાવવા માટે જે વિચાર કે ભાવના છે એને અલૌકિક કહેવામાં આવે છે.

સ્વભાવતઃ પ્રવાહી જલની જેમ શરીરસ્થ પ્રાણ અધોગત હોય છે. લૌકિક પ્રવૃત્તિમાં આ અધોગત પ્રાણ સહાયભૂત થાય છે.

જ્યાં વિચાર અને ભાવનાની અલૌકિક પ્રવૃત્તિ છે ત્યાં આ સ્થૂળ પ્રાણ કામ આવતો નથી. અપિતુ બાધક નીવડે છે. જીવનવિકાસની દૃષ્ટિએ કે જીવનને પૂર્ણતા તરફ ગતિ કરાવવા માટે અલૌકિક પ્રવૃત્તિની આવશ્યકતા છે. તેને માટે અશુદ્ધ અને જડ પ્રાણને વિશુદ્ધ અને સૂક્ષ્મ બનાવવાની અપેક્ષા છે.

અધોગત જલને ઊર્ધ્વ બનાવવા માટે જલને ગરમ કરીને વરાળ બનાવવાની અપેક્ષા છે, એમ અધોમુખી જડ પ્રાણને ઊર્ધ્વ બનાવવા માટે પ્રાણને તપરૂપી તાપ આપવાની જરૂર છે. પ્રચુર માત્રામાં સૂક્ષ્મ વિદ્યુતશક્તિ મેળવવા માટે વરાળના પ્રચુર જથ્થાને વૈજ્ઞાનિક ઉપાયે vibrate કે react કરીને અર્થાત્ ક્રિયા-પ્રતિક્રિયા વડે આંદોલિત કરવાની અપેક્ષા છે. એ જ પ્રમાણે પ્રાણને વિશુદ્ધ બનાવવા અત્યંત શક્તિસંપન્ન બનાવવા ‘વેદવિજ્ઞાન’ કે મંત્રવિજ્ઞાનની પદ્ધતિ વડે પ્રાણને પ્રવાહિત કે ગતિમાન કે સંચારિત થઈ હૃદયમાં જઈ મનોબળ વધારે, મસ્તકમાં જઈ વિચારશક્તિને તીવ્ર બનાવે તેમ જ વાણી, હાથ, પગ આદિ કર્મેન્દ્રિયોને બળવાન બનાવે જેથી વિચાર અને ભાવનાને કાર્યમાં પરિણિત કરવા માટે ઓજસ્વી વાણી અને હાથપગની શક્તિઓ ઉપયોગી બને.

આ રીતે પ્રાણશક્તિનું સંશોધન અને વિકસનની જે પદ્ધતિ છે તે તપઃસાધ્ય છે, આંતરિક પ્રવાસસાધ્ય છે. કેવળ શાસ્ત્રગ્રંથનું અધ્યયન કરવાથી, કથા-વાર્તા સાંભળવાથી, ધાર્મિક ઉપદેશો શ્રવણ કરવાથી જીવનની પરિપૂર્ણતાનો આસ્વાદ મળતો નથી.

મંત્ર એક યોગ પણ છે.

ચાર મુખ્ય યોગ - રાજયોગ, હઠયોગ, લયયોગ અને મંત્રયોગ. જીવત્વને શિવત્વ તરફ લઈ જવાની મંત્ર એક પૂર્ણ પ્રક્રિયા છે.

મંત્રનો અર્થ થાય છે મનનું ત્રાણ એટલે રક્ષણ કરવાની જેનામાં શક્તિ છે એવા ચૈતન્ય શક્તિસંપન્ન શબ્દો કે શબ્દોનો સમૂહ. મંત્રના પ્રત્યેક શબ્દ, પ્રત્યેક અક્ષર, પ્રત્યેક કાનો-માત્ર ચૈતન્યશક્તિથી સભર હોય. આમ, જે શબ્દ કે શબ્દ-સમૂહનું વારંવાર જપ, મનન, ચિંતન કરતા રહેવાથી આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક આમ ત્રિવિધ તાપથી રક્ષણ કરે છે. તેને મંત્ર કહેવામાં આવે છે. **આ રીતે જોતાં મંત્રને મન સાથે સીધો સંબંધ છે, કારણ કે મનની શક્તિના સહયોગ વિના મંત્રજપ થઈ શકતા નથી.**

**હવે મન શું છે તે જોઈએ.**

મનુષ્ય જાતિનો પ્રત્યેક બાહ્ય ક્રિયાત્મક વ્યવહાર પાંચ કર્મેન્દ્રિયોથી ચાલે છે અને આંતર્ સંકલ્પાત્મક, ભાવનાત્મક વ્યવહાર પાંચ જ્ઞાનેન્દ્રિયોથી ચાલે છે. મન એ બંનેમાં સાથે હોય છે. આમ, એકાદશ ઈંદ્રિયો દ્વારા મનુષ્યનો આંતરબાહ્ય જીવનવહેવાર ચાલે છે. મન આ સર્વમાં અધિપતિ છે. સંચાલક છે. એટલે જ ભગવતી શ્રુતિ કહે છે કે મનુષ્ય માટે બંધન અને મોક્ષનું એકમાત્ર કારણ મન છે.

મન એટલે વિવિધ સંસ્કારોનો પુંજ. આ વિવિધ સંસ્કારોમાં વિવિધ પ્રકારની ઈચ્છાઓ હોવાથી એ ઈચ્છાઓની તૃપ્તિ માટે આત્માને ભટકવું પડે છે અને એ દુઃખનું કારણ બને છે.

‘પ્રજ્ઞારસ માધુરી’, બીજી આ., પૃ. ૩૮૫ ❑

# (૧૧) ભગવત્પ્રાપ્તિનું સુગમ તથા શીઘ્ર સિદ્ધિદાયક સાધન

**સ્વામી રામસુખદાસ**
અનુવાદક : **રજનીભાઈ બર્માવાળા**

જેઓ સાધન કરવાવાળા છે, પરમાત્મતત્ત્વને પ્રાપ્ત કરવા ચાહે છે, એવાં ભાઈ-બહેનોના મનમાં એક વાત રહે છે કે કોઈ એવો સીધો-સરળ માર્ગ બતાવી દે, જેથી અમે સહેલાઈથી અને તત્કાળ પરમાત્માની પ્રાપ્તિ કરી લઈએ. તેમને માટે એક વિશેષ સાધન બતાવવામાં આવે છે.

એક એવી સ્થિતિ છે, જ્યાં પહોંચવાથી મનુષ્ય કૃતકૃત્ય, જ્ઞાતજ્ઞાતવ્ય અને પ્રાપ્ત-પ્રાપ્તવ્ય થઈ જાય છે અર્થાત્ તેને માટે કંઈ પણ કરવાનું, જાણવાનું અને મેળવવાનું બાકી નથી રહેતું. ત્યાં પહોંચવાને માટે ત્રણ માર્ગ છે - કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ, કર્મયોગથી કૃતકૃત્યતા થઈ જાય છે, જ્ઞાનયોગથી જ્ઞાતજ્ઞાતવ્યતા થઈ જાય છે અને ભક્તિયોગથી પ્રાપ્તપ્રાપ્તવ્યતા થઈ જાય છે. આ અંતિમ સ્થિતિ છે. જો કોઈ સાધક કમર કસી લે કે મારે તો એ અંતિમ સ્થિતિની તત્કાળ પ્રાપ્તિ કરવી છે, તેને માટે એક એવું સાધન બતાવવામાં આવે છે, જેથી તે બધાં સાધનોથી ઊંચે ઊઠીને એ અંતિમ સ્થિતિનો શરૂઆતમાં જ અનુભવ કરી શકે છે. શ્રીમદ્ભાગવતમાં ભગવાન ઉદ્ધવજીને કહે છે -

સર્વં બ્રહ્માત્મકં તસ્ય વિદ્યયાડડત્મમનીષયા ।
પરિપશ્યન્નુપરમેત્ સર્વતો મુક્તસંચયઃ ॥
અયં હિ સર્વકલ્પાનાં સધ્રીચિનો મતો મમ ।
મદ્ભાવઃ સર્વભૂતેષુ મનોવાક્કાયવૃત્તિભિઃ ॥
(૧૧।૨૯।૧૮-૧૯)

'જ્યારે સર્વમાં પરમાત્મબુદ્ધિ કરવામાં આવે છે, ત્યારે સર્વ કંઈ પરમાત્મા જ છે - એવું દેખાવા લાગે છે. પછી આ પરમાત્મદૃષ્ટિથી પણ ઉપરામ થવાથી સઘળા સંશય આપમેળે નિવૃત્ત થઈ જાય છે.'

'મારી પ્રાપ્તિનાં જેટલાં સાધન છે, તેમનામાં હું તો સૌથી શ્રેષ્ઠ સાધન એ જ સમજું છું કે સઘળાં પ્રાણીઓ અને પદાર્થોમાં મન, વાણી અને શરીરની સમગ્ર વૃત્તિઓથી મારી જ ભાવના કરવામાં આવે.'

તાત્પર્ય છે કે બધી જગ્યાએ એક પરમાત્મા જ પરમાત્મા પરિપૂર્ણ છે. 'સર્વં બ્રહ્માત્મકમ્' એમાં ન હું છે, ન તું છે, ન આ છે, ન તે છે; ન ભૂત છે, ન ભવિષ્ય છે, ન વર્તમાન છે, ન સર્ગ છે, ન પ્રલય છે, ન મહાસર્ગ છે, ન મહાપ્રલય છે; ન દેવતા છે, ન મનુષ્ય છે, ન પશુ છે, ન પક્ષી છે, ન ભૂત છે, ન પ્રેત છે, ન પિશાચ છે, ન જડ છે, ન ચેતન છે, ન સ્થાવર છે, ન જંગમ છે, કંઈ પણ નથી ! એક પરમાત્મા જ આ સર્વરૂપોમાં બન્યાં છે ! આ વાતને દૃઢતાથી માની લેવી, સ્વીકારી લેવી એ બધાં સાધનોથી શ્રેષ્ઠ સાધન છે. ભાગવત, એકાદશ સ્કંધના ઓગણત્રીસમા અધ્યાયના ઓગણીસમા શ્લોકની ટીકામાં એકનાથજી મહારાજ ભગવાનની તરફથી લખે છે કે હે ઉદ્ધવ ! સર્વમાં મને જોવાથી વધીને બીજું સાધન નથી. આ હું મા દેવકીના સોગંધ ખાઈને કહું છું.

સર્વ કાંઈ ભગવાન જ છે - આ વાત આપણને દેખાય કે ન દેખાય, આપણે જાણીએ

**(અનુસંધાન પેજ નં. ૨૬ ઉપર)**

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | 'આશીર્વાદ પરિવાર' | વલ્લભવિદ્યાનગર | ૨૫,૦૦૦/- |
| | સ્વ. દક્ષાબહેનના સ્મરણાર્થે આશીર્વાદ પરિવાર તરફથી પૂ. શ્રીમોટાના ચરણે ભેટ | | |
| ૨. | બળવંતરાય કે. જોષી | સુરત | ૧૧,૧૧૧/- |
| | સ્વ. નિરૂપાબહેન રજનીકાન્ત જોષીના સ્મરણાર્થે | | |
| ૩. | મિહિર નંદલાલ અમીન | અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| | સ્વ. પિતાશ્રી નંદલાલ સી. અમીનની વાર્ષિક તિથિ, પુણ્યસ્મૃતિમાં ભેટ | | |
| ૪. | પાલીબહેન સી. ટેલર | વ્યારા | ૧૧,૦૦૦/- |
| ૫. | ગુણવંતલાલ ચંદુલાલ ઠક્કર | અમદાવાદ | ૨,૫૦૧/- |
| | પૂજ્ય શ્રીમોટાની પ્રાર્થનાને ૨૫ વર્ષ પૂરા થયા તે નિમિત્તે | | |
| ૬. | સુધીરભાઈ ઓ. પરીખ | ઈંદોર | ૨,૫૦૦/- |
| ૭. | મનોજભાઈ ઓ. પરીખ | ઈંદોર | ૨,૫૦૦/- |
| ૮. | એન. કે. પટેલ | વડોદરા | ૨૫૦૦/- |
| | પૌત્રી વેલ્સીના જન્મ નિમિત્તે ભેટ | | |
| ૯. | ગૌરાંગ યોગેન્દ્ર પટેલ | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૧૦. | મહેન્દ્રભાઈ બાબુભાઈ પંડ્યા | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૧. | શમા યોગેશભાઈ પટેલ (જન્મદિવસ નિમિત્તે) | સુરત | ૧૦૦૦/- |
| ૧૨. | ભરતભાઈ હસમુખભાઈ જોગી | સુરત | ૫૦૧/- |
| ૧૩. | ગુણવંતભાઈ બી. ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૪. | નંદકુમાર ડી. ચાવડા | વડોદરા | ૫૦૧/- |
| | મોટાભાઈ પ્રમોદભાઈ ડી. ચાવડાની પ્રથમ માસીક પુણ્યતિથિ નિમિત્તે | | |
| ૧૫. | દત્તાત્રય બી. મોરે | આહવા | ૫૦૦/- |
| ૧૬. | રોહિતભાઈ જાની | મુંબઈ | ૨૦૧/- |
| ૧૭. | રાધિકાબહેન પંકજભાઈ પટેલ | ઓલપાડ, સુરત | ૧૦૧/- |
| ૧૮. | મનહરભાઈ પ્રભુભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **-સંપાદક**

### દિલગીરી સાથે ક્ષમાયાચના

- હરિભાવ જૂન ૨૦૨૧માં પૃષ્ઠ ૫ ઉપર 'હરિઃૐ આશ્રમ, સુરતનું નિવેદન' પ્રકાશિત કરાયું છે, તેના લેખક તરીકે 'ધીમંત ઘીવાલા'ની જગ્યાએ 'ટ્રસ્ટીમંડળ - પૂ. શ્રીમોટા હરિઃૐ આશ્રમ, સુરત' વાંચવા વિનંતી છે.
- હરિભાવ જૂન ૨૦૨૧માં પૃષ્ઠ ૬ ઉપર 'શ્રી નંદુભાઈએ આપેલ શોખ'ની જગ્યાએ 'શ્રી નંદુભાઈએ આપેલ શીખ' વાંચવા વિનંતી છે.
- હરિભાવ જૂન ૨૦૨૧માં પૃષ્ઠ ૧૧ ઉપર 'અગ્નિનું હાવિ' ની જગ્યાએ 'અગ્નિનું હવિ' વાંચવા વિનંતી છે.

## (૧૨) ચમત્કારનો અનુભવ થાય તો મને યાદ કરે : શ્રીમોટા

પૂનમભાઈ કે. પટેલ

પૂજ્ય શ્રીમોટાને હું ઓળખતો ન હતો. તેમના વિશે કંઈ જાણતો પણ ન હતો. નોકરીના કારણે હું ખેડા જિલ્લાના ઓડ ગામમાં રહેતો હતો.

એક વખત મારા મોટા સાળા શ્રી રામભાઈ પટેલને ત્યાં કુટુંબ સહિત મારે નડિયાદ જવાનું બન્યું હતું. તે દિવસોમાં પૂજ્ય શ્રીમોટાનો ઉત્સવ નડિયાદના અનાથ આશ્રમમાં રખાયેલો હતો, એટલે મારા સાળાએ મને કહ્યું કે આજે પૂજ્ય શ્રીમોટાનો ઉત્સવ છે. તમારે ત્યાં આવવું છે ? મેં 'હા' કહી એટલે એમની સાથે અમે ઉત્સવમાં ગયાં.

મોટાના પ્રોગ્રામ પ્રમાણે બપોર પછી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ ચાલુ હતો. મોટા સાથેનો ખાસ સંબંધ નહિ એટલે પ્રશ્નમાં શું પુછાય ને શું ના પુછાય એનો ખાસ ખ્યાલ નહિ. એટલે મનમાં જે ઊગી આવ્યું તે પૂછી નાખ્યું. મેં મોટાને ચિઠ્ઠીમાં લખીને એવો પ્રશ્ન પૂછયો હતો કે બીજા સંતોની માફક તમો ચમત્કાર કેમ કરતા નથી ?

મારા પ્રશ્નની ચિઠ્ઠીનો વારો આવ્યો એટલે મોટા જવાબમાં એવું બોલ્યા કે ચમત્કાર અંગે પ્રશ્ન પૂછનાર ભાઈને મારી વિનંતી છે કે તેને જીવનમાં **ચમત્કારનો અનુભવ થાય તો મને યાદ કરે.**

આ પ્રસંગ બાદ થોડા દિવસો પછી મારાં ધર્મપત્નીને ગર્ભાશયનું ઑપરેશન કરાવવું પડેલું. બરોબર ઑપરેશન દરમ્યાન જ લાઈટ જતી રહેલી એટલે જનરેટરથી લાઈટ ચાલુ કરીને ઑપરેશન કર્યું હતું. ઑપરેશન બાદ દર્દીને જ્યારે તેના રૂમમાં લાવ્યા ત્યારે તેણે મને કહ્યું કે ઑપરેશન દરમ્યાન મોટા હાજર હતા ને મારે માથે હાથ ફેરવી રહ્યા હતા. વળી, ઑપરેશન દરમ્યાન મને કોઈ જ તકલીફ પડી નથી. આ વિગતો જાણ્યા પછી મને મનમાં થયું કે આ મોટાનો ચમત્કાર જ ગણાય. મોટાને મેં એ પ્રસંગે યાદ કર્યા.

સાધુસંતોનાં દર્શને જઈએ ત્યારે કંઈક ભેટ મૂકીએ. એ આપણો રૂઢિગત સંસ્કાર છે, પણ મોટાએ મને એક વખત કહ્યું કે **તું મને ભેટ ન આપીશ પણ તું મને તારા કુટુંબ જેટલો પ્રેમ આપજે**. વળી, મોટા એમ પણ બોલ્યા કે ભેટ આપનાર તો આવી રહ્યા છે. અમે મોટા પાસે બેઠેલા જ હતા ત્યારે અડધા એક કલાકના સમયમાં વડોદરાથી શ્રી રમણભાઈ અમીન (ઍલૅમ્બિકવાળા) મોટાનાં દર્શને આવી પહોંચ્યા. તેમણે મોટાને મોટી રકમનો ચેક ભેટમાં આપ્યો. આ પ્રસંગે પણ મને થયેલું કે ચમત્કાર બતાવવાની મોટાની રીત ન્યારી છે.

આવા પ્રસંગો બાદ ઘણા વખતથી મને મનમાં ઈચ્છા થયા કરતી કે મોટાની પધરામણી અમારા ઘરે થાય. મેં મોટાને મારા મનની વાત કરી. એટલે તેઓશ્રીએ મને કહ્યું કે નંદુભાઈને તે વિશે વાત કરો. એટલે મેં નંદુભાઈને એ વાત કરી. નંદુભાઈએ મોટાની પધરામણીની તારીખ અંગે બધું નક્કી કર્યું. દિવસ, ટાઈમ, ગાડીની વ્યવસ્થા અને ભેટરૂપે રૂ.૧૫૦૦/- આપવાના વગેરે.

મારી પાસે નવી ફીયાટ ગાડી હતી. પણ

તેમાં મોટાને બેસવાની તકલીફ પડે એટલે મેં મારી ગાડી મારા સ્નેહીને આપી અને એમની એમ્બેસેડર ગાડી મેં આ કામ માટે લીધી હતી. હું મેડા ઉપર રહેતો હતો અને દાદર પણ સાંકડો હતો એટલે મોટા સાથે સેવામાં રહેતા રામભાઈ અમીન વગેરેએ મોટાને ખુરશીમાં બેસાડીને લાવેલા. જોકે મોટાને જે તકલીફ પડી તે જોઈ જાણી શકાતી હતી, પણ હું તેમાં નિરુપાય હતો. રસોઈમાં ખટાશ ના જોઈએ. લીંબુનું ટીપું પણ નહિ ચાલે એમ નંદુભાઈએ મને ખાસ સૂચના આપી હતી, જેનો અમલ અમે કર્યો હતો. ઓડમાં મારા કૉલેજકાળના મિત્ર જયંતીભાઈ ઉમેદભાઈ પટેલ રહેતા હતા. તેઓને મેં કહેલું કે પૂજ્ય મોટા - મારા ગુરુ મારે ત્યાં આવવાના છે, તો તમો સમય કાઢીને આવજો. તેઓ મોટા ખેડૂત, તમાકુના વહેપારી, ઉદ્યોગપતિ હતા. અમદાવાદમાં તેઓની કૉટનમિલ હતી. તેઓ સમય કાઢીને પૂજ્ય મોટાનાં દર્શન માટે આવ્યા હતા. એટલું જ નહિ પણ તેઓએ મોટાને વિનંતી કરેલી કે તમો મારે ઘેર પધરામણી કરો. મોટાએ તેમનો ભાવ જોઈને કહેલું કે અહીંથી આશ્રમ પાછા જતી વખતે તમારે ત્યાં આવીશું. આમ નક્કી થયા પ્રમાણે મોટા તેમને ત્યાં ગયા. એટલે જયંતીભાઈએ રૂ. પાંચ હજારની ભેટનો ચેક પૂજ્ય મોટાને આપવા તૈયાર કરેલો, પણ તેઓએ મોટાને કહ્યું કે તમો ચા, દૂધ, કૉફી જેવું કંઈ પણ લેશો પછી જ આ ભેટ આપનાં ચરણે ધરીશ. એટલે મોટાએ કહ્યું કે એક ગ્લાસમાં પાણી લઈને તેમાં પાંચ થી છ લીંબુ નીચોવીને મને આપો. શ્રી જયંતીભાઈએ તે પ્રમાણે લીંબુનું પાણી તૈયાર કર્યું અને મોટા તે પી ગયા.

આ પ્રસંગ જોઈને હું તો અચંબામાં અને વિચારમાં જ પડી ગયો કે અમારે ત્યાં રસોઈમાં બિલકુલ ખટાશ કે લીંબુનું એક ટીપું પણ ન આવે એવી સૂચનાઓ હતી અને અમારા જ દેખતાં આ ઘટના બની. મારે મન આ પણ એક ચમત્કારનો મને અનુભવ થયો ગણાય.

મોટાની મારે ઘેર પધરામણીનો પ્રસંગ પતી ગયા બાદ ઘરની બહેનોએ મને કહ્યું કે ડાકોર લઈ જઈ રણછોડરાયનાં દર્શન કરાવો. મારી ફીયાટ ગાડીમાં અમે બધાં ડાકોર ગયાં અને દર્શન કરીને પાછા આવતાં હતાં ત્યારે અંધારું થઈ ગયું હતું. અમે ઉમરેઠથી ઓડના રસ્તે જતાં હતાં ત્યાં મોટી નહેર આગળ સામેથી એક ટ્રક પૂર ઝડપે આવી રહી હતી. એક બાજુ ટ્રક અને બીજી બાજુ ૩૦ થી ૩૫ ફૂટ ઊંડો ખાડો હતો. વચ્ચે માઈલસ્ટોન હતો. હું કશું વિચારું તે પહેલાં મારાથી બોલાઈ ગયું કે 'મોટા બચાવો.' પાછળ બેઠેલી બહેનો હરિઃૐની ધૂન કરતી હતી. ટ્રકથી બચવા માટે મેં મારી ફીયાટ ગાડી માઈલસ્ટોન ઉપર ચઢાવી દીધી. પણ જાણે કોઈએ આખી ગાડીને ઊંચકીને માઈલસ્ટોન ઉપરથી પસાર કરી દીધી. ગાડીને કોઈ નુકસાન થયું નહિ અને અંદર અમો જે બધાં બેઠેલાં હતાં તેઓમાંથી કોઈને કશું જ થયું નહિ. ગેરેજમાં મિકેનિકને વાત કરી તો એ કહે કે ફીયાટ ગાડી જો માઈલસ્ટોન ઉપર ચડી જાય તો ગાડીની ચૅમ્બર ફાટી જ જાય અને પછી ગાડી આગળ ચાલી જ શકે નહિ.

આ રીતે મોટાએ એક દિવસમાં બે વખત મને ચમત્કારનો અનુભવ કરાવ્યો અને તે પણ જે દિવસે તેઓએ અમારે ત્યાં પધરામણી કરી હતી તે જ દિવસે !

નોકરીમાં પ્રમોશન બાદ હું સને ૧૯૭૧માં ખંભાતમાં હતો, તે વર્ષે ચકલાસીમાં મારી ભાણીનાં લગ્ન હતાં. અમારા પરિવારના સોનાના દરદાગીના બૅંક ઑફ બરોડાની નડિયાદ શાખામાં લૉકરમાં રાખ્યા હતા. અમે દાગીના લેવા ત્યાં ગયા તો ૧૫ તોલાના દાગીનાનો ડબ્બો જ લૉકરમાં મળે નહિ. મારા સાળા રામભાઈએ પણ લૉકર તપાસ્યું પણ ડબ્બો મળ્યો નહિ. અમે કોઈને આ દુ:ખદ ઘટનાની કે આપત્તિની વાત કરી નહિ. કારણ કે લગ્નમાં બધાં ઉદાસ રહે એ ઠીક નહિ.

લગ્ન પતી ગયાં બાદ સવારમાં ચકલાસીથી નડિયાદ જવા નીકળ્યા ત્યારે મારી બહેને અમને કહ્યું કે અત્યારે વહેલા કેમ જાવ છો ? સાંજના જજો. એટલે મેં તેમને બધી હકીકત જણાવી અને કહ્યું કે નડિયાદમાં સંતરામ મંદિરમાં પૂજ્ય શ્રી નારણદાસ મહારાજને આ અંગે પૂછવું છે. એટલે બહેને અમને જવાની રજા આપી.

અમે સંતરામ મંદિરમાં પહોંચ્યા અને મહારાજને વાત કરીએ એ પહેલાં જ તેઓએ અમને કહ્યું કે બૅંક ઑફ બરોડાના લૉકર વિશે પૂછવું છેને ? હું અચરજ પામી ગયો. મહારાજે કહ્યું કે ગાદી આગળ જઈને નારિયેળ તથા ઘીના દીવાની બાધા રાખો. આ વખતે મારા મનમાં વિચાર આવ્યો કે આ તો પૂજ્ય શ્રી નારણદાસ મહારાજનું સત નથી પણ ગાદીનું સત છે.

મારા સાળા રામભાઈએ મને પૂછયું કે દાગીના જડે તો મોટાને શું આપશો. મારાં પત્નીએ કહ્યું કે મારો સોનાનો ચાંલ્લો છે તે હું મોટાને આપીશ. અમે બધાં બૅંકમાં ગયાં અને જેવું લૉકર ખોલ્યું કે તરત જ તેમાં ડબ્બો મળ્યો. પછી બૅંકમાંથી બહાર આવ્યા એટલે મારા સાળાએ દવાના સ્ટોરવાળા ભાઈને પૂછયું કે મોટા, આશ્રમમાં છે ? તેમણે કહ્યું કે હા, મોટા, આશ્રમમાં જ છે.

અમે આશ્રમમાં ગયાં. મારાં પત્નીએ તેનો સોનાનો ચાંલ્લો મોટાને ભેટ આપ્યો. તેમણે ચાંલ્લાને કપાળે લગાડીને આશ્રમ નિવાસી મણિકાકાને કહ્યું કે આ ચાંલ્લાની જે કિંમત થાય તે લઈને ચાંલ્લો બહેનને પાછો આપો. અમે અડધાથી પોણો કલાક જેવા સમય માટે મોટાના સાંનિધ્યમાં બેઠાં હતાં. એ અરસામાં ડભાણવાળા રાવજીકાકા ખેડા જિલ્લાના કલેક્ટરને લઈને મોટાનાં દર્શને આવ્યા. મોટા એ વખતે બોલ્યા કે રાવજીકાકા તમો તમારા મનમાં શું સમજો છો ? પૂજ્ય શ્રી નારણદાસ મહારાજ નાનું છોકરું છે ? તેમણે ગિરનારના જંગલમાં ઘણા સમય સુધી તપ કર્યું છે. આ સંબોધન મોટા મને ઉદ્દેશીને કહી રહ્યા હતા, એ સમજતાં મને વાર ના લાગી. પણ મારામાં હિંમત કે શક્તિ ન આવી કે હું મારી ભૂલ મોટા સમક્ષ કબૂલ કરી લઉં. આ ગુરુનું કેટલું સામર્થ્ય કે મારા મનની વાત પણ તેમણે જાણી અને અમને બીજાના માધ્યમ દ્વારા કહી જણાવી.

ઉપર પ્રમાણેના પૂજ્ય શ્રીમોટા સાથેના અમારા અનુભવો લખ્યા છે અને તે પ્રથમ વખત જ. પણ એમાંય પ્રતાપ તો મોટાનો જ છે. ❑

**(અનુસંધાન પેજ નં. ૧૦ નું ચાલુ)**
મહી નદીનું પાણી ઝડપથી ચડતું હોવાથી મૂળ નક્કી કરેલી જગ્યા બદલીને થોડા ઉપરના ભાગમાં ચિતા ખડકવામાં આવી હતી.

ચિતા ઉપર દેહને સુવડાવતાં, શ્રી રામભાઈ બોલી ઊઠ્યા, 'મોટા, તો નાગાબાવાની જમાતના ગણાય. આ વસ્ત્રની પણ શી જરૂર !' એટલે દેહ ઉપર રહેલું એકમાત્ર વસ્ત્ર પણ લઈ લીધું. શ્રી રમણભાઈના હસ્તે અગ્નિદાહ દેવાયો. બે કલાકમાં તો દેહ પંચભૂતમાં ભળી ગયો. એનાં છેલ્લાં અવશેષો અસ્થિ અને રાખને ફાર્મ મૅનેજરે અને શ્રી રાજુભાઈએ પૂજ્યશ્રીના આદેશ અનુસાર મહી નદી ભેગાં કર્યાં. બે બહેનોથી સહજ ડૂસકાં ભરાયાં ત્યારે અન્ય વ્યક્તિઓ થોડી ગંભીર બની.

૯-૪૫ વાગ્યે ફાઝલપુરમાં બધાં જમ્યાં. શ્રી રમણભાઈ અને શ્રીમતી ધીરજબહેન વડોદરા ગયાં. શ્રી નંદુભાઈ એકલા આશ્રમે આવ્યા. થોડીક વારમાં વાત વહેતી થઈ અને આશ્રમમાં લોકપ્રવાહ વહેવા માંડ્યો.

### અંતિમ આદેશનો અમલ

પૂજ્ય શ્રીમોટાએ અનેક વાર એવા શબ્દો ઉચ્ચારેલા કે, 'જોજોને ! મારું શરીર ગયા બાદ આશ્રમને દરવાજે પૈસાનો ઢગ થઈ જશે.' આ યથાર્થ હોય તે રીતે પૂજ્યશ્રીના દેહવિલય પછી લગભગ દોઢ કરોડ જેવી રકમ આશ્રમને મળી છે. જે કચ્છથી માંડીને વલસાડ સુધીના તમામ જિલ્લાઓમાં તદન નાનાં ગામડાંઓમાં શાળાના ઓરડાઓ બાંધવામાં વપરાઈ છે.
હરિઃૐ આશ્રમ, નડિયાદ.

તા.૨૪-૯-૧૮૭૮

'અંતિમ ઝાંખી', પાં. આ., પૃ. ૨૪-૩૦ ❑

**(અનુસંધાન પેજ નં. ૨૧ નું ચાલુ)**
કે ન જાણીએ, આપણને અનુભવ હોય કે ન હોય, પરંતુ આ દઢતાથી સ્વીકારી લે કે વાત વાસ્તવમાં આ જ સર્વોપરિ છે. કમી છે તો આપણા મનમાં કમી છે, વાસ્તવિકતામાં કમી નથી. જેમ પહેલાં ક-ખ-ગ વગેરે અક્ષરોને શીખીએ છીએ, પછી પુસ્તકોમાં તેઓ તેવા જ દેખાવા લાગે છે. એવી જ રીતે પહેલાં માત્ર આ વાતને માની લેવી કે 'સર્વ કંઈ ભગવાન જ છે' પછી તેવો જ અનુભવ થવા લાગી જશે. એનો અનુભવ કરવાને માટે કંઈ કરવાનું નથી, ક્યાંય આવવા-જવાનું નથી. ભજન-ધ્યાન, સત્સંગ-સ્વાધ્યાય વગેરે જે કરી રહ્યા છીએ, તે કરતાં રહેવું. આના માટે કોઈ સાધન નથી કરવાનું, માત્ર દઢતાથી સ્વીકાર કરી લેવાનો છે કે સર્વ કંઈ ભગવાન જ છે. કારણ કે સૃષ્ટિ-રચનાના સમયે ભગવાને ક્યાંકથી કોઈ મસાલો, સામગ્રી નથી મંગાવી; બલકે એ સંકલ્પ કર્યો છે કે હું એક જ ઘણાંય રૂપોથી થઈ જાઉં—

**'સદૈક્ષત બહુ સ્યાં પ્રજાયેયેતિ'**
(છાન્દોગ્ય ૬।૨।૩)
**'સોઅકામયત બહુ સ્યાં પ્રજાયેયેતિ'**
(તૈત્તિરીય ૨।૬)
**'એક રૂપં બહુધા યઃ કરોતિ'** (કઠ ૨।૨।૧૨)
**'એકોઅપિ સન્ બહુધા યો વિભાતિ'**
(ગોપાલપૂર્વતાપનીય)

એક જ પરમાત્મા અનેક રૂપોથી પ્રકટ થયા છે. તેમનાં રૂપ અસંખ્ય છે. **'અનેકરૂપરૂપાય વિષ્ણવે પ્રભવિષ્ણવે'**. ચોરાસી લાખ યોનિઓ છે અને એક એક યોનિઓમાં કરોડો-અબજો જીવ છે.

**- સંકલન**

'સઘળું જગત ઈશ્વરરૂપ છે', ચો. આ., પૃ. ૩૧-૩૩ ❑





## સ્ત્રીજાતિનો અનાદર ના કરો

સ્ત્રીજાતિને હંમેશાં માન આપો. સ્ત્રીમાં ગમે તેટલા દોષ હોય પણ તેના એક ગુણને પકડીને તેના વખાણ જ કરો - સાચી ભાવનાથી કરો. સ્ત્રી અને બાળક દુર્બળ પ્રકૃતિના હોય છે. એટલે વખાણથી એમને પ્રોત્સાહન મળે છે.

પુરુષને આદર આપવાથી એનો અહંકાર વધશે. સ્ત્રીને આદરમાન આપવાથી એનો ત્યાગ વધશે. તંત્ર સાધનનું વિધાન છે કે સ્ત્રીને ફૂલથી પણ ઘા ન કરવો. સ્ત્રીજાતિના અપમાન-અનાદરથી ગમે તેવો મોટો સિદ્ધ મંત્ર હોય તો તે પણ સફળ થતો નથી.

-સ્વામી શ્રીસદાશિવ

'પ્રજ્ઞારસમાધુરી-ઉત્તરાર્ધ', પ્ર.આ., પૃ. ૩૯

**HARIBHAV, JULY, 2021**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad POS on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023



મને જેમણે જેમણે મને મદદ કરી છે,
મારું કામ કર્યું તેમનો તેમનો આભાર માનું છું.
ભગવાન તેમનું યશ કલ્યાણ કરો.
-મોટા

**ખાસ નોંધ**

- પરદેશમાં વસતાં સ્વજનોને વિનંતી કે તેઓ દાન-ભેટ મોકલે તો ભારતમાં સ્થિત બેંકોના જ ખાતાઓનો ઉપયોગ કરે. સાથે PAN Card Number જરૂરથી મોકલે.
- ભારતમાં વસતાં સ્વજનોને વિનંતી કે તેઓ દાન-ભેટ મોકલે તો તેમનાં નામ-સરનામાં, PAN Card Number, ટેલિફોન નંબર / મોબાઈલ નંબર જરૂરથી મોકલે.

-સંપાદક

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA   E-mail : hariwanitrust@gmail.com